Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

श्री

# જૈનધર્મ પ્રકાશ.

## शार्दूलविक्रीडितम्.

ये जीवेषु दयालवः स्पृशति यान् स्वल्पोपि न श्रीमदः
श्रांता ये न परोपकारकरणे हृष्यंति ये याचिताः ।
स्वस्थाः सत्स्वपि यौवनोदयमहाव्याधिप्रकोपेषु ये
ते लोकोत्तरचारुचित्रचरिताः श्रेष्ठाः कति स्युर्नराः ॥

જેને ઉજ્વલ દયા વસી મનવિષે, લક્ષ્મીતણો ગર્વ નહીં,
ઉપકારે નહીં થાક, યાચકગણે આલ્હાદ માને સહી;
શાંત ચિત્તતણી, જુવાની મદના, રોગે હણાયે નહીં,
એવા સુંદર શ્રેષ્ટ મુક્ત ગુણથી શોધ્યે જવલ્લે મહી. ૧

પુસ્તક ૨૯ મું. જ્યેષ્ટ. સંવત્ ૧૯૬૯. શાકે ૧૮૩૫. અંક ૩ જો.

પ્રગટ કર્ત્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

## अनुक्रमणिका.


| | | |
|---|---|---|
| ૧ | સાધારણ જિન સ્તવન ( સમશ્લોકી ). | ૬૭ |
| ૨ | બાળા અને બહેનોને હિતશિક્ષા. | ૬૯ |
| ૩ | શ્રી જ્ઞાનસાર સૂત્ર વિવરણ. | ૭૦ |
| ૪ | શ્રી વીશ સ્થાનક તપના દુહા | ૭૭ |
| ૫ | વીશ સ્થાનક પદનું ટુંક વિવેચન. | ૭૯ |
| ૬ | શ્રાવકનું ત્રીજું વ્રત. ( કથા ) | ૮૪ |
| ૭ | મેવાડ મારવાડનાં કેટલાંક તીર્થસ્થાનો. | ૮૯ |
| ૮ | શ્રી સુકૃત ભંડાર ફંડમાટે અપીલ. | ૯૬ |


શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

મુલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## લાઇફ મેમ્બરોને ભેટ.

અમારી સભાના લાઇફ મેમ્બરોને ચાલુ વર્ષની ભેટ તરીકે આપવાના નીચેના પુસ્તકો મુકરર થઇ ગયા છે અને તે તૈયાર પણ થઈ ગયા છે. થોડા દિવસમાં મોકલવાનું શરૂ કરવામાં આવશે.

શ્રી પંચાશક ગ્રંથ ટીકા સહિત. ( સંસ્કૃત )

શ્રી કર્મગ્રંથ ટીકા વિભાગ ૨ જો, (કર્મગ્રંથ ૫ મો, ૬ ઠ્ઠો તથા સંસ્કૃત ૪ કર્મગ્રંથ.)

શ્રી જ્ઞાનસાર ટીકા સહીત. ( સંસ્કૃત )

શ્રી પરિશિષ્ટ પર્વ–પદ્યબંધ. „

શ્રી પ્રમેયરત્નકોષ–ન્યાયનો ગ્રંથ. મૂળ. ( સંસ્કૃત )

શ્રી પ્રકરણો ઉપરના સ્તવનાદિનો સંગ્રહ. ગુજરાતી પદ્યબંધ.

શ્રી ધનપાળ પંચાશિકા. ટીકા તથા અર્થ યુક્ત અને ત્રણ તીર્થોના કલ્પો સાર્થ.

શ્રી તત્ત્વવાર્તા તથા લક્ષ્મી સરસ્વતીનો સંવાદ. ( ગુજરાતી ભાષામાં )

ઉપર જણાવેલા આઠ ગ્રંથો પૈકી પ્રથમના પાંચ ગ્રંથો તદ્દન સંસ્કૃતમાં છે અને તે સંસ્કૃત ભાષાના પણ સારા અભ્યાસીને ઉપયોગી થઇ પડે તેમ છે તેથી તેમાંના પ્રથમના ત્રણ ગ્રંથો જે લાઇફ મેમ્બર ખાસ મોકલવા ફરમાવશે તેમનેજ મોકલવામાં આવશે અને બાકીના પાંચ તો સર્વને મોકલવામાં આવશે.

ઉપરના ગ્રંથો પોસ્ટેજ પૂરતાજ વેલ્યુપેબલથી મોકલવામાં આવશે.

આઠે ગ્રંથોની ઇચ્છાવાળા લાઇફ મેમ્બરે તરતમાંજ પત્ર લખવા તસ્દી લે.

જે પોતે નહીં મંગાવે તેનીવતી એ ગ્રંથો સાધુ સાધ્વી વિગેરેને ભેટ આપવામાં આવશે જેથી તેનો સદુપયોગ થશે ને તેને લાભ મળશે.

---

પંદર દિવસમાં બહાર પડશે—બંધાય છે

### પ્રદ્યુમ્નસુરિ વિરચિત

## શ્રી કુવલયમાળા ભાષાંતર.

આ બુક કથાનુયોગની છે. કુવલયચંદ્રકુમાર, કુવલયમાળા અને તેના ત્રણ મિત્રોના પાંચ ભવોનાં બહુ રસિક ચરિત્રોનું તેમાં વર્ણન છે. કષાયો પ્રાણીને સંસારમાં કેવી રીતે રખડાવે છે તેનો અદ્ભુત ચિતાર આ ગ્રંથમાં આપવામાં આવ્યો છે. એકવાર શરૂ કર્યા પછી પૂર્ણ કર્યા સુધી હાથમાંથી મૂકવાનું મન ન થાય તેવી રસીક કથા છે. સાથે સાથે ઉપદેશ વિગેરેમાં સુંદર બોધ પણ આપેલો છે. સુંદર નિર્ણયસાગર પ્રેસનું પ્રિન્ટીંગ, ઉત્તમ બાઇન્ડીંગ, પૃષ્ટ ૨૫૦ ઉપરાંત છતાં કિંમત માત્ર ૦–૮–૦ રાખવામાં આવી છે. પોસ્ટેજ જુદું સમજવું. પંદર દિવસમાં બુક બહાર પડવાની હોવાથી ગ્રાહક થવા ઇચ્છનારે સત્વર નામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैन धर्म प्रकाश.

भो भो भव्याः प्रदीप्तभवनोदरकल्पोऽयं संसारविस्तारो निवासः शारीरादिदुःखानां । न युक्त इह विदुषः प्रमादः । अतिदुर्लभेयं मानुषावस्था । प्रधानं परलोकसाधनं । परिणामकटवो विषयाः । विप्रयोगान्तानि सत्सङ्गतानि । पातभयातुरमविज्ञातपातमायुः । तदेवं व्यवस्थिते विध्यापनेऽस्य संसारप्रदीपनकस्य यत्नः कर्तव्यः । तस्य च हेतुः सिद्धान्तवासनासारो धर्ममेघः । अतः स्वीकर्तव्यः सिद्धान्तः । सम्यक् सेवितव्यास्तदभिज्ञाः । भावनीयं मुण्डमालिकोपमानं । त्यक्तव्या खल्वसदपेक्षा । भवितव्यमाज्ञाप्रधानेन । उपादेयं प्रणिधानं । पोषणीयं सत्साधुसेवया । रक्षणीयं प्रवचनमालिन्यं । एतच्च विधिप्रवृत्तः संपादयति । अतः सर्वत्र विधिना प्रवर्तितव्यं । सूत्रानुसारेण प्रत्यभिज्ञातव्यमात्मस्वरूपं । प्रवृत्तावपेक्षितव्यानि निमित्तानि । यतितव्यमसंपन्नयोगेषु । लक्षयितव्या विस्रोतसिका । प्रतिविधेयमनागतमस्याः । भवत्येवं वर्तमानानां सोपक्रमकर्मविलयः । विच्छिद्यते निरुपक्रमकर्मानुबन्धः । तस्मादत्रैव यतध्वं यूयमिति ॥

। उपमितिभवप्रपञ्चा कथा ।

પુસ્તક ૨૯ મું. જ્યેષ્ઠ. સં. ૧૯૬૯. શાકે ૧૮૩૫. અંક ૩ જો.

## कुमारपाळ महाराजाए रचेलुं साधारण जिन स्तवन.

### समश्लोकी.

( અનુસંધાન પૃષ્ઠ ૩૪ થી.)

( અનુવાદક-મી. માવજી દામજી શાહ. પી પી. જૈન હાઇસ્કુલ. )

ઉપજાતિ છંદ.

પ્રભુ ! અધર્મ્યં વ્યસનો ત્યજીને, જ્યારે મન સ્થિર સમાધિએ રે;
એ ક્રોધી થઇ આંતર વૈરીઓજ, મોહાન્ધ ! રે એ કરતાં મનેજ. ૧૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણ્યું પ્રભો ! આગમથી તમારા, મોહાદિ એ આંતર વેરી મ્હારા;
પરાજીત બુદ્ધે મૂઢ હું બન્યો છું. અખેદ ચાલે નહિ જોર મ્હારૂં. ૧૯
નૃશંસને રાક્ષસ તુલ્ય મ્લેચ્છો. મોહાદિએ નાથ ! મને વિડંબ્યો;
મળ્યો હવે તો જગવીર ! તુંજ. રહ્યો હવે તો તુજ પાદ લીન. ૨૦
સ્વદેહમાં એ મમતા ત્યજીને, શ્રદ્ધા થકી શુદ્ધ વિવેકી થઇને;
સંગો ત્યજીને સમ હું બનીશ, ક્યારે પ્રભો ! સંયમ આદરીશ. ૨૧
હે વીતરાગ પ્રભુ તુંજ દેવ, આપે બતાવેલ જ માર્ગ ધર્મ;
રે જાણતાં એવું સ્વરૂપ આંની, નહિ ઉપેક્ષા કરશો કદાપિ. ૨૨
જીત્યા સુરાસુર જિનેંદ્ર તું એ; કામાદિ શત્રુ વશ તેં કર્યા એ;
તને થયા તે અડવા અશક્ત, કોપે કરી કિંકરને હણેય. ૨૩
સમર્થ છો મોક્ષ પમાડવાને, બધા જનોને પણ નાથ તોએ;
રહેલ ચરણે તુજ પંગુ ! દીન. રહ્યો નહિ કેમ અહો ! શરણ્ય ? ૨૪
હે નાથ ચરણદ્વય આપનાં એ, સ્ફુર્યાં કરે જે જનનાં હૃદે તે;
ત્રૈલોક્ય-લક્ષ્મી પણ આવતી ત્યાં, દાસી બની આશ્રય સારૂ રે જ્યાં. ૨૫
અરે પ્રભો ! નિર્ગુણી હું અમાપ, ને ક્રૂર દુરાત્મ હતાશ પાપ;
રે આપ આલંબન કંઇ નહોતું, જેથી ડુબ્યો છું ભવસાગરે હું. ૨૬
હે નાથ આજે નિરખ્યાં તમોને, તેથી સુધા-સાગરમાં ડુબ્યો રે;
ચિંતામણિ હાથ મહિં સ્ફુરે તો, અસાધ્ય તેને નવ કંઈ પદાર્થો. ૨૭
છો તું પ્રભુ ઝાઝ સમાન મારે, ડુબેલ સંસાર મહાર્ણવે રે;
મુક્તિ સ્ત્રિના સંગથી વીતરાગ, છો આપ સર્વોત્તમ સૌખ્ય ધામ. ૨૮
ચિંતામણિ હાથ મહિંજ તેનાં, કલ્પદ્રુ તેના વળી આંગણામાં;
જેણે નમસ્કાર કર્યો સદાયે, સ્તવ્યા પૂજ્યા ને વળી પુષ્પમાળે. ૨૯
હે નાથ ! નેત્રો મીંચી સ્થિર ચિત્તે, જ્યારે પ્રભો ! ચિંતવું તો જણાયે;
છો દેવ ! તુંથી નહિ અન્ય દેવ, સમસ્ત કર્મ ક્ષય હેતુ એજ. ૩૦

### વસંતતિલકા.

ભક્તિથકી કદિ સ્તવે પણ અન્ય દેવો,
હે નાથ ! મુક્તિ કદિયે નહિ આપતાં તો;
સિંચ્યા સુધારસ ઘડા કદી લિંબડાને,
તોયે ન આમ્રફળને કદી આપતાં તે. ૩૧

### માલિની.

ભવજલ નિધિમાંથી તરશો આપ નાથ !
શિવનગર કુટુંબી તોય કરશો સનાથ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ ગુણ અવગુણો તો આશ્રિતોનાં વિચારે,
અનુપમ કરૂણાળા સંત કોઇ પ્રકારે. ૩૨

### શાર્દૂલવિક્રીડિત.

પામ્યો પુન્યથી આપને જગતમાં ત્રૈલોક્યના હે પ્રભુ,
ને આ જામીન મોક્ષના વળી ગુરૂ શ્રી હેમચંદ્ર પ્રભુ;
એથી અત્યંત કોઇ વસ્તુ પ્રભુ હું માગું નહિ આપની,
માગું પ્રેમ ભવો ભવે કંઇ પણ તો તારી વાણી મહીં. ૩૩

# वाळा अने वहेनोने हितशिक्षा.

### ગરબી.

**(બેહેની સાંભળ પેલી કોયલડી તરૂવૃંદમાંરે, ગાતી છંદમાંરે—એ રાગ)**

**સખી સદાચાર પાળી સંસાર સુધારીએરે. લાજ વધારીએરે. ટેક.**

બહેની શિયળ સુભુષણ સજીએ, પરનિંદા તજીએ પ્રભુ ભજીએ;
પતિવ્રત પાળી ઉભય સુકુળ અજવાળીએરે, લાજ વધારીએરે. **સખી૦** ૧
વિનય વિવેક વડીલનો કરીએ, વેર ઝેરને વાદ વિસરીએ;
અધિક ઉણે સંતોષી રહી મન વારીએરે, લાજ વધારીએરે. **સખી૦** ૨
પતિની આવક જાવક ભાળી, ખરચ ખુટણ કરીએ સંભાળી;
હઠ કરી કાંઇ ન લઇએ નિજમન મારીએરે, લાજ વધારીએરે. **સખી૦** ૩
જુઠી વાત ન મુખ ઉચ્ચરીએ, પરની વાતે પેટ ન ભરીએ;
ખોટી આળે પરને પિડ ન પાડીએરે, લાજ વધારીએરે. **સખી૦** ૪
ચોરી ચાડી ચુગલી તજીએ, અદેખાઇ તજીએ સુખ સજીએ;
શોક્ય બાળને નિજ બાળક સમ પાળીએરે, લાજ વધારીએરે. **સખી૦** ૫
ઝીણાં આછાં વસ્ત્ર ન સજીએ, અંગ અછકલાંવેડા તજીએ;
કુળવંતી કજીઆ કંકાસ નિવારીએરે, લાજ વધારીએરે. **સખી૦** ૬
સીતા દમયંતી પંચાળી, સતીયોના ગુણ નિત્ય સંભાળી;
તસ પગલે ચાલી જગ જશ વિસ્તારીએરે, લાજ વધારીએરે, **સખી૦** ૭
વિદ્યા ભણી વિપરીત જે ચાલે, માત તાત લજવે દુઃખ આલે;
ભણ્યું ગણ્યું બોળ્યું દરીએ એ નારીએરે, લાજ વધારીએરે. **સખી૦** ૮
નિર્મળ સદાચાર દિલ પાળે, સુકુલા સ્ત્રી ચાલે શુભ ચાલે;
**સાંકળચંદ** સુજસ સંસારે ચારીએરે, લાજ વધારીએરે. **સખી૦** ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જ્ઞાનસાર સૂત્ર વિવરણ.

## ॥ १६ ॥ माध्यस्थाष्टकम् ॥

વિવેકવંત હોય તે રાગ દ્વેષ ન કરે અને શુભાશુભ સંયોગ વખતે મધ્યસ્થ રહે, એથી હવે પ્રસંગાગત માધ્યસ્થ્ય અથવા મધ્યસ્થતા અષ્ટક કહે છે.

स्थीयतामनुपालंभं, मध्यस्थेनांतरात्मना ॥
कुतर्ककर्करक्षेपै-स्त्यज्यतां बालचापलं ॥ १ ॥

**ભાવાર્થ**–મધ્યસ્થતા આદરવાથીજ સદ્વિવેક પ્રાપ્ત થાય છે. અથવા વિવેકવંતજ મધ્યસ્થતા આદરે છે, માટે મધ્યસ્થ રહેવા શાસ્ત્રકાર ઉપદિશે છે. જેથી અપવાદપાત્ર થવું ન પડે એવી અંતરદૃષ્ટિથી મધ્યસ્થતા આદરવી યુક્ત છે. મધ્યસ્થતા સેવવાથી સબલ યુક્તિનો યોગ્ય આદર કરવામાં આવે છે અને કુતર્ક કરવારૂપી બાલચપલતા દૂર કરવાનું બને છે.

**વિવેચન**—હે આત્મન્! તું સદ્વિવેક વડે બહિરાત્મ ભાવ તજી, રાગ દ્વેષ રહિત મધ્યસ્થ ભાવે રહી એવું અંતરાત્મપણું આદર કે જેમાં સ્વભાવોપઘાત કરવારૂપ ઉપાલંભનો અવકાશજ રહે નહિ. જે જીવને પરપુદ્ગલિક વસ્તુઓમાં અદ્યાપિ અત્યાસક્તિ વર્તે છે તે મૂઢ અવિવેકી **બહિરાત્મા** કહેવાય છે. એવા મૂઢ બહિરાત્મા શુભાશુભ સંયોગ મળતાં રાગ દ્વેષ કરે છે અને તેથી પોતાના આત્માનું નિશ્ચિત સ્વરૂપ સ્ફટિક રત્ન સદૃશ નિર્મળ છે–નિષ્કપાય છે–નિરૂપાધિક છે, તેને પૂર્વકૃત પુન્યપાપ જન્ય શુભાશુભ સંયોગ મળતાં જે રાગ દ્વેષરૂપ વિપરીત પરિણામ થાય છે તેથી તે મલીનતા ધરે છે. સ્વરૂપોપઘાત પામે છે. સમ્યગ્ જ્ઞાન–વિવેક વડે જેને અંતરદૃષ્ટિ જાગી છે તે અંતરાત્મા કહેવાય છે. તે ગમે તેવી પરપુદ્ગલિક વસ્તુઓમાં મિથ્યા મમતા ધારી–રાગદ્વેષ રૂપ વિપરીત પરિણામને પામી સ્વભાવોપઘાતરૂપ આત્મ મલીનતા કરતો નથી; પણ સમ્યગ્ જ્ઞાન દર્શનના પ્રભાવથી તેને સ્વસ્વરૂપનું યથાવત્ ભાસન અને શ્રદ્ધાન ( નિર્ધાર ) થયેલ હોવાથી પોતાનું શુદ્ધ–નિરૂપાધિક–નિષ્કપાય સ્વરૂપ પ્રગટ કરવા અનુકૂળ ચારિત્રનું સેવન કરે છે અને શુદ્ધ સ્વભાવ રમણરૂપ નિર્મળ ચારિત્ર જેમને પ્રાપ્ત થયેલું છે એવા સ્વભાવરમણી મહાત્માનું દૃઢ આલંબન લહી અથવા તેમનું ઉત્તમ ભાવના–આદર્શ ( Ideal ) હૃદયમાં ધારી–સ્થાપી તન્મય થવા પ્રબળ પુરૂષાર્થ સેવે છે. તેવા પુરૂષાર્થી મહાશયો સ્વભાવોપઘાત કહો કે આત્મમલીનતારૂપ ઉપાલંભ ( દોષ ) ને કેમ પામે? ન જ પામે. એમ સમ્યગ્ વિચારી હે આત્મન્! તું પણ એવી નિર્દોષ મધ્યસ્થતાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદર અને રાગદ્વેષયુક્ત અનાદિ અભ્યાસથી કુયુક્તિઓરૂપ કાંકરા ફેંકવાની ટેવને હવે તજી દે. હવે તું બાળચેષ્ટા-ચપળતાને આદરીશ નહિ. રાગદ્વેષ રહિત મધ્યસ્થ મન સ્થિર શાન્ત જળાશય જેવું હોય છે. પણ જેમ પવનના ઝકોરાથી તે જળાશયમાં અનેક કલ્લોલો ઉપજે છે, વૃદ્ધિ પામે છે, અને પાછો તે પવન શાન્ત થયે શમાઇ જાય છે તેમ સ્થિર મનમાં પણ રાગદ્વેષથી સંકલ્પ વિકલ્પ જાગતાં ક્ષોભ પ્રગટે છે, વધે છે અને વળી તેજ રાગ-દ્વેષની શાન્તિ થતાં સંકલ્પ વિકલ્પ શમાઇ જાય છે એટલે મનમાં પાછી શાન્તિ પ્રસરે છે. જેમ જળાશયમાં એકાદ કાંકરો કે પથરો ફેંકવાથી જળમાં ક્ષોભ થતાં તેમાંથી ઉપરાઉપર કુંડાળાં થાય છે, વધે છે અને પાછાં શમાઇ જાય છે તેમ રાગદ્વેષજન્ય કુયુક્તિ કહો કે કુતર્ક કરવાથી સ્થિર-મધ્યસ્થ રહેલું મન પણ ક્ષુબ્ધ થઇ જાય છે અને તેમાં ઉપરાઉપર અનેક સંકલ્પ વિકલ્પો ઉપજે છે, વધે છે અને વળી પાછાં કુતર્કના ત્યાગથી તે શમાઇ પણ જાય છે. આ રીતે કુતર્ક કરવાની કુટી ટેવથી ચિત્તમાં બહુધા અશાન્તિ હાલકલોલ રહ્યાજ કરે છે. તે અશાન્તિને અટકાવવા-નિવારવા હે ભવ્યાત્મન્! તું ત્હારી અનાદિ ચપળતા-બાલચેષ્ટા-કુતર્ક કરવાની કુટેવ તજી દે અને નિર્દોષ એવા અંતરાત્મ ભાવનું તું સમપણે સેવન કર.

'મધ્યસ્થ એવા સ્થિર મનની અને તુચ્છાગ્રહી ચપળ મનની લગારેક રૂપરેખા શાસ્ત્રકાર આંકી બતાવે છે.'

**मनो वत्सो युक्ति गवीं, मध्यस्थस्यानुधावति ।**
**तामाकर्षति पुच्छेन, तुच्छाग्रहमनः कपिः ॥ २ ॥**

**ભાવાર્થ**-મધ્યસ્થનું મનરૂપી વાછરડું યુક્તિરૂપી ગાયને અનુસરીને ચાલે છે. અર્થાત્ મધ્યસ્થ માણસને આપમતિની ખેંચાખેંચ હોતી નથી. પરંતુ તુચ્છ આગ્રહીનું મનરૂપી માંકડું તો યુક્તિ યુક્ત વાતનું પણ ખંડનજ કરવા તત્પર થઇ જાય છે. તે કેવળ આપમતિ મુજબ વાતને ખેંચી જાય છે, તેથી સાચી વાતને પણ ખોટી પાડવા પ્રયત્ન કરવા તે ચૂકતું નથી. મધ્યસ્થ મન તો સત્યનેજ સત્ય તરીકે સ્વીકારે છે.

**વિવેચન**—રાગદ્વેષરૂપ વિકાર રહિત મધ્યસ્થ પ્રાણીનું મનરૂપી વાછરડું પક્ષપાતના અભાવથી યથાર્થ વસ્તુ સ્વરૂપને ઓળખી લેવાની કળાવાળી યુક્તિરૂપી ગાય (નિજ માતા) નેજ યથાર્થ ઉપયોગથી ઓળખી લઇ અનુસરશે. મતલબ કે મધ્યસ્થ પુરૂષનું નિષ્પક્ષપાતી-નિર્મળ મન તેનામાં જાગૃત થયેલી જ્ઞાનકળાના પ્રકાશથી ખરી યુક્તિનેજ ઓળખી લઇ અનુસરે છે, તેમાંજ વિશ્વાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધરે છે અને તેનેજ સબળ પ્રમાણરૂપ ગણે છે, ત્યારે તુચ્છ આગ્રહવાળું-કદાગ્રહી મન, મર્કટની પેરે ખરી યુક્તિરૂપી ગાયને પુંછડાવતી પકડી તેનું ખંડન કરવા મથે છે. ઉત્સર્ગ, અપવાદ, નિશ્ચય, વ્યવહારાદિ અનંત ઉપયોગાત્મક **સ્યાદ્વાદ** માર્ગ મૂકી શૂન્ય અને નકામો કદાગ્રહ કરવો જેને પ્રિય હોય, અરે! જે કદાગ્રહથી ભરેલું હોય એવું મન ખરેખર મર્કટ તુલ્યજ છે. અથવા સત્ય-પ્રમાણભૂત યુક્તિઓનું પણ હોંશથી-જાણી જોઇને ખંડન કરનાર હોવાથી તે મર્કટ કરતાં પણ વધારે અનર્થકારી થાય છે. અનંત ભવભ્રમણરૂપ મહા અનર્થથી બચવા ઇચ્છતા સહુ કોઈ ભવ્યાત્માઓએ આ ઉપરથી જે ઉત્તમ બોધ લેવાનો છે તે એ છે કે મધ્યસ્થપણે મનને નિયમમાં રાખી સત્ય યુક્તિયુક્ત વચનને અનુસરવું પણ મનને મોકળું મૂકી દઈ તુચ્છાગ્રહી બનવા દેવું નહિ. મનને જેમ બને તેમ કેળવી સુશિક્ષિત કરવું.

ભાવનાદર્શ નજરે રાખવા માટે '**મધ્યસ્થ મહામુનિ**' કેવા હોય? તે શાસ્ત્રકાર બતાવે છે.

नयेषु स्वार्थसत्येषु, मोघेषु परचालने ॥
समशीलं मनो यस्य स मध्यस्थो महामुनिः ॥ ३ ॥

**ભાવાર્થ**—સ્વઇષ્ટ અર્થ સાધવામાં કુશળ અને અન્ય અર્થમાં ઉદાસીન એવા સર્વ નયોમાં જે સમભાવે રહે છે, લગારે હઠ તાણ કરતાજ નથી તે મહામુનિને મધ્યસ્થ જાણવા. મધ્યસ્થ મુનિ સર્વ નય વચનોને સાપેક્ષપણે વિચારી સ્વહિત સાધવામાં તત્પર રહે છે.

**વિવેચન**—નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ સાત નયો છે, તેનું કંઇક વિસ્તારથી સ્વરૂપ ' નય કર્ણિકા ' અનુસારે ' જૈન તત્ત્વ પ્રવેશિકા ' માં લખવામાં આવેલું છે, ત્યાંથી તેનું સ્વરૂપ-લક્ષણ પ્રમુખ જાણી લેવા ખપ કરવો. તે બધા નયોની સામાન્ય રીતે ખુબી એ છે કે તે પ્રત્યેક નય પોતપોતાનો અભિમત પક્ષ સ્થાપવામાં-યુક્તિથી ઠસાવવામાં કુશળ હોય છે, અને બીજા નયનો અભિમત પક્ષ સ્થાપવામાં નિષ્ફળ-નિષ્પ્રયોજન હોય છે, તેમ છતાં તે સર્વ નયોક્ત વસ્તુ ધર્મમાં ( તત્પ્રવર્તનમાં ) **જેનું મન સમભાવે રહે છે, પક્ષપાત રહિત વર્તે છે, ખોટી ખેંચતાણ કરતું નથી** તે પ્રત્યેક નયમાંથી **સાર તત્ત્વ માત્રને ગ્રહી લે છે. તે મહામુનિને મધ્યસ્થ સમજવા.**

ઉક્ત મધ્યસ્થ મહાત્માઓ પ્રત્યેક નયમાંથી સાર-તત્ત્વ ગ્રહી **વૈરાગ્ય રસમાં** ઝીલતા પરમરહસ્યભૂત રત્નત્રયીનું આરાધન કરવા સદાય ઉજમાળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહે છે અને સંસારભાવથી ઉદાસીન રહે છે, કેવા વિચારથી રહે છે ? તે શાસ્ત્રકાર બતાવે છે.

स्वस्वकर्मकृतावेशाः, स्वस्वकर्मभुजो नराः
न रागं नापि च द्वेषं, मध्यस्थस्तेषु गच्छति ॥ ४ ॥

**ભાવાર્થ**-સર્વ કોઇ પોતપોતાના કર્માનુસારે ચેષ્ટા કરે છે અને તે મુજબ ફલ ભોગવે છે, તેમાં મધ્યસ્થ રાગ કે રોષ કરતો જ નથી. સર્વત્ર સાક્ષી ભાવે વર્તતાં સ્વહિત સુખે સાધી શકાય છે, માટે સર્વ અનુકૂલ યા પ્રતિકૂલ સંયોગોમાં રાગ દ્વેષ ત્યજીને સર્વદા સમભાવે રહેવા સાવધાન થવું યુક્ત છે.

**વિવેચન**--રાજા ને રંક, ગરીબ ને તાલેવર, પંડિત ને મૂર્ખ, સુખી ને દુઃખી સહુ કોઈ પોતપોતાના પૂર્વકૃત કર્માનુસારે ચેષ્ટા કર્યા કરે છે, અને સહુ કોઈ કરેલાં અને કરાતાં કર્મનું ફળ પોતેજ સ્વતંત્ર ભોગવે છે. કર્મના અચળ કાયદાને સમજી તેને માન આપનાર મધ્યસ્થ-**સમભાવી પુરૂષ** તેમની ભિન્ન ભિન્ન ચેષ્ટાઓને જાણી-જોઈ અથવા ભિન્નભિન્ન કર્મજન્ય ભિન્નભિન્ન પ્રકારનાં ફળ જાણી-જોઇ તેમાંના કોઈ ઉપર પોતે **રાગ** કે **રોસ** કરતાજ નથીઃ પણ **સમભાવે જ** રહે છે. કહ્યું છે કે "ભિન્ન ભિન્ન કર્મનો કર્તા, તેના ફળનો ભોક્તા, તદનુસારે ચાર ગતિમાં રખડનાર, અને સકળ કર્મનો ક્ષય કરી મોક્ષને પામનાર પોતાનો આત્માજ છે." વળી કહ્યું છે કે 'ગમે તેટલે કાળે પણ કરેલાં શુભાશુભ કર્મ ભોગવ્યા વગર છૂટકોજ નથી. તે અવશ્યમેવ ભોગવવાં જ પડશે.' 'સર્વ જીવ કર્મવશાત્ ૧૪ રાજલોકમાં પરિભ્રમણ કરે છે, તે સહુને હું ખમાવું છું, તે સહુ મુજને ક્ષમા આપો ! સહુ સાથે મારે મૈત્રીભાવ છે, મારે કોઇ સાથે વૈર વિરોધ નથી.' સામ્ય વૃત્તિવાળા સાત્ત્વિક જનો સહુ સાથે આ રીતે **ક્ષમાપના** કરે છે.

મધ્યસ્થ જનોએ પોતાના મનને ક્યાંસુધી દમન કર્યા કરવું તે શાસ્ત્રકાર કહે છે.

मनः स्याद् व्यापृतं यावत्, परदोषगुणग्रहे ॥
कार्यं व्यग्रं वरं तावत्, मध्यस्थेनात्मभावने ॥ ५ ॥

**ભાવાર્થ**-જ્યાં સુધી પોતાનું મન પારકા ગુણદોષ જોવા દોરાઈ જતું હોય ત્યાં સુધી મધ્યસ્થ માણસે તેને આત્મભાવમાં જોડી દેવું યોગ્ય છે. જ્યાં સુધી મન સ્વગુણમાં સ્થિર ન થાય અથવા આત્મ અવગુણ ઓળખી તેને દૂર કરવા તત્પર ન થાય ત્યાં સુધી પવિત્ર જ્ઞાન ધ્યાનના અભ્યાસથી સમતાની વૃદ્ધિ કરવી.

**વિવેચન**—આત્મ વ્યતિરિક્ત-પરના ગુણદોષ જાણવા-જોવા-આદરવા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાંસુધી મન રચ્યું મચ્યું રહે, પારકા ચુંથણા ચુંથવાની ટેવ મન ન તજે, પરમાં પેસારો કર્યા કરે, પરથી વિરક્ત–ઉદાસીન થઈ ન જાય ત્યાંસુધી સમભાવ રસિક–મધ્યસ્થ જનોએ તે મનને આત્મ સ્વરૂપના ચિંતવનમાં જોડી દેવું; તેમજ લીન કરી રાખવું એજ ઠીક છે. પરના ગુણ દોષ જોવાથી શું વળવાનું છે? પરના ગુણદોષથી ખરૂં જોતાં પોતાને શો ફાયદો કે નુકશાન હોઇ શકે? માંગી લાવેલા પરાયા અલંકારની જેવા પરના ગુણ દોષ જોવા માત્રથી વસ્તુતઃ પોતાનું શું વળે? કશું જ નહિ. તો પછી મનને તેમાંથી વિરક્ત કરી સ્વસ્વરૂપ ચિંતનમાં જ નિમગ્ન કરવું ઘટે છે. પોતાના જ આત્મગૃહમાં ગુપ્ત રહેલા અનંત ગુણરત્નોનો અખૂટ ખજાનો પ્રગટ કરવા મનને નિયોજવું જોઇએ. પારકી જ ચિંતામાં દિનરાત વ્યગ્ર રહી **મન** પોતાની બધી શક્તિ ખર્ચી–વાપરી નાંખે છે, તેમ છતાં તેવા મનને અંકુશમાં રાખવા અને પોતાના ધણીનું ખરૂં કાર્ય કરવા આત્મા કશી પ્રેરણા ન કરે તો પછી મોકળું થઈ ગયેલું મન ધણીનું (આત્માનું) શું દારિદ્ર મારશે? કશુંજ નહિ. મુત્કળ થઈ ગયેલું મન તો ઉલટો અનર્થ ઉપજાવે માટે તેને પોતાના હિતની ખાતર અવશ્ય નિયમમાં રાખવું જ જોઇએ. અને તે ત્યાંસુધી કે જ્યાંસુધી તે **મન** પોતાના સ્વામી–આત્મા શિવાય પરના ગુણ દોષની ચિંતા કરવી પસંદ જ ન કરે. વસ્તુતઃ મનને સ્વરૂપ ચિતનમાં જ જોડી દઈ સ્થિર–શાન્ત–નિર્વિકલ્પ જ કરવાની જરૂર છે. મન પોતે પર ચિંતા તજી સ્વસ્વરૂપની એકાગ્રતાથી જ્યારે સ્થિર–શાન્ત–નિર્વિકલ્પ થઇ રહેશે ત્યારે નિર્વિકલ્પ સમાધિ સુખને પ્રાપ્ત થઈ આત્મા સ્વ **પ્રાપ્તવ્યને** પ્રાપ્ત કરી શકશે; એટલા માટે આત્માર્થી–મુમુક્ષુ સજ્જનોએ પ્રથમ એજ કરવાનું છે કે સકળ બહિરાત્મ ભાવ તજી, અંતર દૃષ્ટિ થઈ–આત્મગવેષક બની, પોતાનાજ જ્ઞાન દર્શન ચારિત્રાદિક આત્મગુણ ખીલવવા અને અનાદિ રાગ દ્વેષ મોહાદિક આત્મદોષ ટાળવા પ્રયત્ન કરવો. જેમ બને તેમ ઉદાર દીલથી ભાવના ચતુષ્ટયનું સેવન કરતા રહેવું. દરેક કાર્યમાં **કર્તૃત્વઅભિમાન** તજી સાક્ષી ભાવે–તટસ્થ થઇ રહેવાની ટેવ પાડવી. અનિત્યાદિ દ્વાદશ ભાવના વડે વારંવાર સંસારની અસારતા–ક્ષણભંગુરતા વિચારીને તેથી વિરક્ત થઇ રહેવું. 'શિવમસ્તુ સર્વ જગતઃ' ઇત્યાદિક વૃદ્ધવાક્યોનું ઉંડું રહસ્ય દિલમાં ધારી આખું જગત માત્ર સુખી થાય એવી ઉદાત્ત ભાવના રાખી કલ્યાણકારી આંદોલનો ( Vibrations ) ફેલાવી સર્વત્ર સર્વથા શાન્તિ શાન્તિ અને શાન્તિજ પ્રસરે એમ અંતઃકરણથી ઇચ્છવું અને કરવું. મૈત્રી, મુદિતા, કરૂણા અને માધ્યસ્થરૂપ ભાવના ચતુષ્ટયનું સ્વરૂપ અન્યત્ર પ્રતિપાદન કરાયેલું છે ત્યાંથી અવગાહી લઇ જેમ ચિત્તની અધિક શુદ્ધિ થાય તેમ કરવા પ્રયત્ન કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગ દ્વેષ વર્જી સમભાવે કરવામાં આવતી ધર્મકરણી સર્વથા સુખદાયી, હિતકારી અને કલ્યાણકારી થઈ શકે છે તેજ વાત શાસ્ત્રકાર દૃષ્ટાંતપૂર્વક સમર્થન કરી બતાવે છે.

**विभिन्ना अपि पंथानः, समुद्रं सरितामिव ॥**
**मध्यस्थानां परंब्रह्म, प्राप्नुवन्त्येकमक्षयम् ॥ ६ ॥**

**ભાવાર્થ**–જેમ નદીઓના રસ્તા જુદા જુદા છતાં તે સર્વે સમુદ્રને મળે છે, તેમ જુદાં જુદાં સાધનો છતાં મધ્યસ્થ જનો અવશ્ય મોક્ષ પામે છે. મધ્યસ્થતા સર્વ સુખનું મૂલ છે. મધ્યસ્થ માણસ સર્વ સાથે મૈત્રીભાવ રાખી શકે છે, તેમજ સર્વ ગુણવંતમાંથી ગુણ ગ્રહી શકે છે. મધ્યસ્થનું હૃદય દયાર્દ્ર હોય છે તથા મધ્યસ્થ ગમે તેવા નિર્દય ઉપર પણ રોષ રાખતો નથી. મધ્યસ્થ જ મોક્ષસુખનો અધિકારી છે.

**વિવેચન**—સમભાવવર્તી જનોનાં સઘળાં પ્રકારનાં ધર્મ સાધનથી અવશ્ય અક્ષય પદ પ્રાપ્ત થઇ શકે છે. રાગદ્વેષ વર્જિત-કર્તૃત્વ અભિમાનરહિત-ઉત્કર્ષ અપકર્ષના દ્વંદ્વવગર સમભાવે કરવામાં આવતી કરણી જીવને અચૂક શિવપદ પમાડે છેજ. તેથી સ્વશક્તિ સંભાળી બાહ્યાડંબર તજી આત્મ વિશુદ્ધિનિમિત્ત અંતર લક્ષ રાખી સ્વ ઉત્કર્ષ અને પર અપકર્ષ (આપ બડાઇ અને અન્ય કોઇની લઘુતા) કર્યા વગર સહુ કોઇ આત્માર્થી સજ્જનોએ પોતપોતાથી બની શકે તે ધર્મ સાધનમાં જોડાવું જોઇએ. એમ કરવાથી જેમ જુદા જુદા માર્ગથી વહેતી નદીઓ છેવટ સમુદ્રમાં ભળી જાય છે, તેમ સમભાવવર્તી સજ્જનો પણ ગમે તે સત્સાધનના યોગે અવશ્ય મોક્ષપદવી પામી શકે છે. આ પ્રકારે સમભાવ રાખી કર્તૃત્વ અભિમાનરહિતપણે સત્સાધનમાં જોડાવા અને એ રીતે અનાબાધપણે આત્મ કલ્યાણ સાધવા જૈનશાસ્ત્રો ઉપદેશ આપે છે; માટેજ અમે તેનું અધિક આદરથી સેવન કરીએ છીએ એમ શાસ્ત્રકાર બતાવે છે.

**स्वागमं रागमात्रेण, द्वेषमात्रात् परागमं ॥**
**न श्रयामस्त्यजामो वा, किंतु मध्यस्थया दृशा ॥ ७ ॥**

**ભાવાર્થ**–અમે રાગમાત્રથી જિન આગમને માનતા નથી, તેમજ દ્વેષ માત્રથી અન્ય આગમની ઉપેક્ષા કરતા નથી; કિંતુ મધ્યસ્થ દૃષ્ટિથી સત્યાસત્યનો નિર્ણય કરીને તેમ કરીએ છીએ.

**વિવેચન**–તીર્થંકર ગણધરોએ કહેલાં આગમ-સિદ્ધાંતોને અમે રાગમાત્રથી (અંધ શ્રદ્ધાથી) આદરતા નથી, તેમજ કપિલાદિક અન્ય કથિત શાસ્ત્રોનો અમે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્વેષમાત્રથી અનાદર–તિરસ્કાર કરતા નથી; પરંતુ મધ્યસ્થ દૃષ્ટિથી બુદ્ધિતુલાએ વિચારી જોતાં અમને જૈનશાસ્ત્રો સર્વ રીતે સબળ યુક્તિવાળાં જણાયાથીજ અને અન્ય શાસ્ત્રો તેવાં નહિં જણાયાથીજ અમે જૈન આગમોનો સ્વીકાર કર્યો છે. શ્રીમાન્ હરિભદ્ર સૂરીશ્વરે પણ એમજ જણાવ્યું છે કે ' મને વીર ( પરમાત્મા ) ઉપર પક્ષપાત બુદ્ધિ નથી, તેમજ કપિલાદિક ઉપર દ્વેષ બુદ્ધિ નથી. જેનું વચન યુક્તિયુક્ત જણાય તેનોજ સ્વીકાર કરવો જોઇએ, અને એ ન્યાયેજ અમે શ્રી વીર પરમાત્માનો આશ્રય કર્યો છે. એટલુંજ નહિ પણ સહુ કોઇ આત્માર્થી સજ્જનોએ એ ન્યાયનેજ અનુસરવું ઉચિત છે. શ્રીમાન્ હેમચંદ્રસૂરિકૃત મહાદેવ સ્તોત્ર વિગેરેમાં આ સંબંધી સારો ઉલ્લેખ કરેલો છે. તે જિજ્ઞાસુ જનોએ અવગાહી સત્ય માર્ગ નિઃશંકપણે આદરી લેવો ઉચિત છે. સમભાવપૂર્વક અન્ય ભવ્યાત્માઓનું હિત હૈયે ધરી શુભાશયથીજ અમે આવો શાસ્ત્રોપદેશ આપીયે છીયે એમ શાસ્ત્રકાર કહે છે.

मध्यस्थया दृशा सर्वे–ष्वपुनर्बंधकादिषु ॥
चारिसंजीवनीचार–न्यायादाशास्महे हि तं ॥ ८ ॥

**ભાવાર્થ**–તેમજ મધ્યસ્થ દૃષ્ટિથીજ સર્વનું હિત ઇચ્છી અધિકારી વર્ગને માટે આવો હિતોપદેશ આપીયે છીયે. તેમાંથી કોઈ અંશ પણ રુચિથી સેવનાર મધ્યસ્થનું અવશ્ય કલ્યાણ થવું સંભવે છે.

**વિવેચન—ચારિસંજીવની**નું દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે. તેમાં કહ્યા મુજબ અનેક પ્રકારના હિતોપદેશમાંથી કાંઇપણ હિતવચન કોઇપણ જીવવિશેષને ( ભવ્યાત્માને–હલવા કર્મી જીવને ) ઉપયોગી થઇ પડશે, રૂચશે, આત્મજાગૃતિ કરશે, યાવત્ તેને તેનું શુભ પરિણમન થતાં કલ્યાણકારી થશે એમ વિચારી કેવળ હિતબુદ્ધિથી સ્વપરને ફાયદારૂપ જાણી સમભાવે આ હિતોપદેશ આપવામાં આવ્યો છે. જેઓ તે ગ્રહણ કરી લેશે તેમને તે હિતરૂપ થશે અને કદાચ કોઈ ગ્રહણ નહિં કરશે તોપણ કેવળ હિતબુદ્ધિથી આવાં હિત વચન કહેનારને તો એકાંત ફાયદોજ છે. કેમકે એઓતો સહુનું હિતજ ઇચ્છે છે. ઇતિશમ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી વીશસ્થાનક તપનું આરાધન કરવા ઇચ્છનારે યથાસ્થાને પ્રત્યેકપદે ખમાસમણું દઈ ઉપયોગસહિત બોલવાના દુહા.

| | | |
|---|---|---|
| પ્રથમ-<br>અરિહંત પદ. | પરમ પંચ પરમેષ્ઠીમાં, પરમેશ્વર ભગવાન;<br>ચાર નિક્ષેપે ધ્યાઇયે, નમો નમો **જિન**ભાણ. | ૧ |
| બીજું-<br>સિદ્ધપદ. | ગુણ અનંત નિર્મળ થયા, સહજ સ્વરૂપ ઉજાસ;<br>અષ્ટ કર્મમળ ક્ષય કરી, ભયે **સિદ્ધ** નમો તાસ. | ૨ |
| ત્રીજું-<br>પ્રવચનપદ. | ભાવામય ઔષધ સમી, પ્રવચન અમૃત વૃષ્ટિ;<br>ત્રિભુવન જીવને સુખકરી, જય જય **પ્રવચન** દૃષ્ટિ. | ૩ |
| ચોથું-<br>આચાર્યપદ. | છત્રીશ છત્રીશી ગુણે, યુગ પ્રધાન મુણિંદ;<br>જિનમત પરમત જાણતા, નમો નમો તે **સૂરિંદ.** | ૪ |
| પાંચમું-<br>થિવિરપદ. | તજી પરપરિણતિ રમણતા, લહે નિજભાવ સ્વરૂપ;<br>સ્થિર કરતા ભવિલોકને, જય જય **થિવિર** અનુપ. | ૫ |
| છઠ્ઠું-<br>ઉપાધ્યાયપદ. | બોધ સૂક્ષ્મ વિણુ જીવને, ન હોય તત્ત્વ પ્રતીત;<br>ભણે ભણાવે સૂત્રને, જય જય **પાઠક** ગીત. | ૬ |
| સાતમું-<br>સાધુપદ. | સ્યાદ્વાદ ગુણ પરિણમ્યો, રમતા સમતા સંગ;<br>સાધે શુદ્ધાનંદતા, નમો **સાધુ** શુભરંગ. | ૭ |
| આઠમું-<br>જ્ઞાનપદ. | અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભવભ્રમ ભીતિ;<br>સત્યધર્મ તે જ્ઞાન છે, નમો નમો **જ્ઞાનની** રીતિ. | ૮ |
| નવમું-<br>દર્શનપદ. | લોકાલોકના ભાવ જે, કેવલિ ભાષિત જેહ;<br>સત્ય કરી અવધારતો, નમો નમો દર્શન તેહ. | ૯ |
| દશમું-<br>વિનયપદ. | શૌચ મૂળથી મહા ગુણી, સર્વ ધર્મનો સાર;<br>ગુણ અનંતનો કંદ એ, નમો **વિનય** આચાર. | ૧૦ |
| અગ્યારમું-<br>ચારિત્રપદ. | રત્નત્રયી વિણુ સાધના, નિષ્ફળ કહી સદીવ;<br>ભાવ રયણનું નિધાન છે, જય જય **સંયમ** જીવ. | ૧૧ |
| બારમું-<br>બ્રહ્મચર્યપદ. | જિન પ્રતિમા જિન મંદિરાં, કંચનના કરે જેહ;<br>બ્રહ્મવ્રતથી બહુ ફળ લહે, નમો નમો **શીયલ** સુદેહ. | ૧૨ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેરમું- આત્મબોધ વિણ જે ક્રિયા, તે તો બાલક ચાલ;
ક્રિયાપદ. તત્વારથથી ધારીયે, નમો **ક્રિયા** સુવિશાલ. ૧૩

ચૌદમું- કર્મ ખપાવે ચીકણાં, ભાવમંગલ તપ જાણ;
તપ પદ. પચ્ચાસ લબ્ધિ ઉપજે, જય જય **તપ** ગુણ ખાણ. ૧૪

પંદરમું- છટ્ઠ છટ્ઠ તપ કરે પારણું, ચઉનાણી ગુણ ધામ;
ગોયમ પદ. એ સમ શુભ પાત્ર કો નહિં, નમો નમો **ગોયમ** સ્વામ. ૧૫

સોળમું- દોષ અઢારે ક્ષય ગયા, ઉપન્યા ગુણ જસ અંગ;
જિન પદ. વૈયાવચ્ચ કરિયે મુદા, નમો નમો **જિન** પદ સંગ. ૧૬

સત્તરમું- શુદ્ધાતમ ગુણમે રમે, તજી ઇંદ્રિય આશંસ;
સંયમ પદ. થિર સમાધિ સંતોષમાં, જય જય **સંયમ** વંશ. ૧૭

અઢારમું- **જ્ઞાન** વૃક્ષ સેવો ભવિક, ચારિત્ર સમકિત મૂળ;
અભિનવ જ્ઞાન પદ. અજર અગમ પદ ફળ લહો, જિનવર પદવી ફૂલ. ૧૮

ઓગણીશમું- વકતા શ્રોતા યોગથી, શ્રુત અનુભવ રસ પીન;
શ્રુતિ પદ. ધ્યાતા ધ્યેયની એકતા, જય જય **શ્રુત** સુખલીન. ૧૯

વીશમું- તીર્થયાત્રા પ્રભાવ છે, શાસન ઉન્નતિ કાજ;
તીર્થ પદ. પરમાનંદ વિલાસતાં, જય જય **તીર્થ** ઝહાજ. ૨૦

દરેક પદની વીશ નવકારવાળી ગણતાં મણકાદીઠ ગણવાનું પદ તથા કાઉસ્સગ્ગ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | નમો અરિહંતાણં. | ૨૪ લોગસ્સ. | ૨ | નમો સિદ્ધાણં. | ૧૫ લોગસ્સ |
| ૩ | નમો પવયણસ્સ. | ૪૫ ,, | ૪ | નમો આયરિયાણં. | ૩૬ ,, |
| ૫ | નમો થેરાણં. | ૧૦ ,, | ૬ | નમો ઉવઝાયાણં. | ૨૫ ,, |
| ૭ | નમો લોએ સવ્વ સાહૂણં. | ૨૭ ,, | ૮ | નમો નાણસ્સ. | ૫ ,, |
| ૯ | નમો દંસણસ્સ. | ૬૭ ,, | ૧૦ | નમો વિણયસ્સ. | ૧૦ ,, |
| ૧૧ | નમો ચરિત્તસ્સ. | ૭૦ ,, | ૧૨ | નમો બંભવય ધારિણં. | ૯ ,, |
| ૧૩ | નમો કિરિયાણં. | ૨૫ ,, | ૧૪ | નમો તવસ્સ. | ૧૨ ,, |
| ૧૫ | નમો ગોયમસ્સ. | ૨૮ ,, | ૧૬ | નમો જિણાણં. | ૨૦ ,, |
| ૧૭ | નમો સંયમ ધારિણં. | ૧૭ ,, | ૧૮ | નમો અભિનવ નાણસ્સ. | ૫૧ ,, |
| ૧૯ | નમો સુયસ્સ. | ૧૨ ,, | ૨૦ | નમો તિથ્થસ્સ. | ૫ ,, |

કાઉસ્સગ્ગ જેટલાં ખમાસમણાં દેવા તથા પ્રદક્ષિણા દેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વીશસ્થાનક પદનું ટુંક વિવેચન.

( લેખક-સન્મિત્ર કર્પૂરવિજયજી. )

( એ તપનું આરાધન કરવા ઇચ્છનારને ખાસ ઉપયોગી. )

૧. **શ્રી અરિહંતપદ**—' સવી જીવ કરૂં શાસન રસી ' એવી ઉત્તમ ભાવનારૂપ ભાવદયાના પરિણામપૂર્વક નિર્મળ આચાર વિચારવડે તીર્થંકર નામ ઉપાર્જન કરી પ્રાયઃ ઉત્તમ પ્રકારના દેવલોકમાં ઉપજી, ત્યાંથી ચવી, ઉત્તમ કુળમાં ત્રણ જ્ઞાનસહિત મનુષ્યપણે અવતરી અનુક્રમે સકળ ભોગ સામગ્રી તજી, પરમ વૈરાગ્ય પામી, વરસીદાનવડે દીન-દુઃખી જનોનો ઉદ્ધાર કરી સહુ સ્વજન વર્ગ પ્રમુખને સંતોષી, જે અપ્રમત્ત ભાવે દીક્ષા ગ્રહી, દુષ્કર તપવડે ઘનઘાતિ કર્મને ખપાવીને કેવળજ્ઞાનાદિક અનંત આત્મ-સંપદા પામે છે, અને સકળ ઇંદ્રોવડે અર્ચિત સતા, દેવ નિર્મિત સમવસરણમાં સ્થાપિત કરેલા સિંહાસન ઉપર બિરાજમાન થઇને, ભવ્ય જનોને અમૃતસમાન હિત-ઉપદેશ અગ્લાનપણે આપે છે તે અરિહંત તીર્થંકર પદ ( પદવી ) સહુ કરતાં શ્રેષ્ઠ ઉપકારક હોવાથી અવશ્ય આરાધવા યોગ્ય છે. વળી પંચ પરમેષ્ઠીમાં પ્રધાન છે અને નામ સ્થાપનાદિક ચારે નિક્ષેપ સદાય ધ્યાન કરવા યોગ્ય છે.

૨. **શ્રી સિદ્ધપદ**—સકળ કર્મ ઉપાધિ સર્વથા નિવારીને આત્માનું સહજ નિરૂપાધિક શાશ્વત્ સુખ આપવા સમર્થ શ્રી જિનેશ્વર ભગવાન્‌ના સનાતન માર્ગને અનુસરી સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયીનું યથાર્થ આરાધન કરી આત્માની અનંત શક્તિ-અનંત સુખ સમૃદ્ધિને આવરનારાં સકળ કર્મબંધનને તોડી નાખી જેઓ જન્મ જરા મરણાદિક દુઃખથી રહિત અક્ષય-અવિનાશી શિવ સંપદાને વરે છે તે સઘળા સિદ્ધ પરમાત્માઓનું આરાધન આ સિદ્ધપદથી થઇ શકે છે. તે પદ પરમ નિર્મળ છે.

૩ **શ્રી પ્રવચનપદ**—તીર્થંકર ભગવાનનાં પ્રકૃષ્ટ વચન-આજ્ઞાપ્રમાણે વર્તનારા સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘને તીર્થંકરની પેરે પરમ પ્રેમભાવથી સેવવો યોગ્ય છે. શ્રી તીર્થંકર મહારાજ પણ દેશનાના આરંભમાં ' નમોતિથ્થસ્સ ' કહે છે એટલે શ્રી સંઘને નમસ્કાર કરે છે તો પછી તીર્થંકર ભગવાને માન્ય કરેલા શ્રી સંઘને કોણ ન માને ? અપિતુ સહુ કોઇ શાસન રાગી જનોએ શ્રી સંઘનો વિશેષે આદર કરવો જોઇએ. શ્રી સંઘ અનેક સદ્‌ગુણી આત્માઓના સમુદાયરૂપ હોવાથી તેને અનંત ગુણ-રત્નોનો નિધાન માની સદાય સેવવો યોગ્ય જ છે. શ્રી સંઘની શુભ દૃષ્ટિ પ્રાણીયોના રાગદ્વેષાદિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવ રોગોને ટાળવા અમૃત સમાન ઉપયોગી છે. કોઇ ધન્ય-કૃતપુન્ય જનો શ્રી સંઘનું યથાવિધિ આરાધન કરે છે.

૪. **શ્રી આચાર્યપદ**—પાંચે ઇંદ્રિયોનું દમન, નવવિધ બ્રહ્મચર્યનું પાલન, ચાર કષાયનો જય, પાંચ મહાવ્રતનું પાલન, પંચાચારનું સંસેવન, તેમજ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાળવું એ ૩૬ ગુણો અથવા એવા અનેક ગુણોના સમુદાય જેમનામાં ઝળહળી રહ્યા હોય, જેઓ સંયમ વ્રતમાં શિરોમણિ હોય તેમજ સકળ શાસ્ત્રમાં પણ પારગામી હોય તે આચાર્ય ભગવંતો જૈન શાસનને અત્યંત ઉપકારક હોવાથી સદાય સેવવા યોગ્ય છે.

૫. **શ્રી સ્થવિરપદ**—નિર્મળ જ્ઞાન, દર્શન અને ચારિત્રાદિક ગુણોનું સંસેવન કરવાથી જેઓએ પોતાના આત્માને સ્થિર-શાન્ત કરેલો છે અને ઉત્તમ પ્રકારની ક્ષમા, મૃદુતા અને સરલતાદિક સદ્ગુણોવડે જેઓ અન્ય સાધુ જનોને યથા અવસર જરૂર પૂરતી સહાય આપી સંયમ માર્ગમાં સ્થિર કરે છે તે સ્થવિર સાધુઓ જૈનશાસનને દીપાવનાર હોવાથી, તેમજ નવીન અને શિથિલ થયેલા સાધુઓને આલંબનભૂત હોવાથી સદાય સેવવા યોગ્ય છે.

૬. **શ્રી ઉપાધ્યાય પદ**—નિર્મળ શાસ્ત્ર બોધસહિત શુદ્ધ ચારિત્ર પાળવામાં સદાય સાવધાન રહી, કેવળ ઉપકાર દૃષ્ટિથી સાધુસમુદાયને અનેક પ્રકારે સહાય અર્પી જેઓ પથ્થર જેવા જડ બુદ્ધિવાળા શિષ્યોને પણ સુશિક્ષિત કરે છે, અને ઉત્તમ રહેણી—કરણીવડે શિષ્યોને સુવિનીત બનાવે છે, તે આચાર્યને, ગચ્છને, યાવત્ શ્રીસંઘને આધારરૂપ ઉપાધ્યાય ભગવંતો સહુ કોઇ આત્માર્થી જનોએ સદાય સેવવા યોગ્ય છે.

૭. **શ્રી સાધુપદ**—સાંસારિક સુખની અસારતા જોઇને તથા જન્મ મરણનાં અનંત દુઃખથી ત્રાસ પામીને સંસારનો ફેરો ટાળવા અને શાશ્વત સુખમાં ઠરવા માટે આત્મિક શક્તિ અજમાવી અનુક્રમે સાંસારિક બંધનોને કાપી, કોઇ ઉજ્વળ રત્નત્રયીનું પાલન કરનારા સદ્ગુરૂનું શરણ લહી, પ્રમાદરહિત કેવળ આત્મામાંજ લક્ષ રાખી જે સંયમમાર્ગને સારી રીતે પાળે છે અને અન્ય આત્માર્થી જનોને પણ યથાશક્તિ સહાય આપી સન્માર્ગે ચઢાવે છે તે સાધુ જનો સ્વપર ઉપકારક હોવાથી સદાય સેવવા યોગ્ય છે.

૮. **શ્રી જ્ઞાનપદ**—જેથી સ્વ પરને, જડ ચેતનને, ગુણ દોષને, હિત અહિતને, ભક્ષ્યાભક્ષ્યને, યાવત્ કર્તવ્યાકર્તવ્યને ઓળખી શકાય અને અનાદિ અજ્ઞાન-અવિદ્યા-જડતા ટાળી શકાય, જેથી સ્વઘટમાં વિવેક-દીપક પ્રગટ થતાં આત્મપ્રકાશ થાય, અધ્યાત્મ સ્વરૂપ ઝળકે તે જ્ઞાન અત્યંત ઉપકારક હોવાથી આત્મકલ્યાણને ઇચ્છતા સહુકોઇ ભાઇ બહેનોએ અવશ્ય અભ્યાસવું યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯. **શ્રી દર્શનપદ**—જેવડે સર્વજ્ઞ ભગવાને ભાખેલા જીવ અજીવ, પુન્ય પાપ, આશ્રવ સંવર, બંધ મોક્ષ અને નિર્જરારૂપ નવ તત્ત્વ, તથા ષટ્ દ્રવ્ય, સપ્તભંગી, સપ્તનય, ચાર નિક્ષેપા પ્રમુખ સર્વ ભાવોને સત્ય પ્રમાણિક લેખી અવધારી શકાય, જે સંયમાદિક સકળ ગુણના પાયારૂપ છે, જેમ એકડાવગરના મીંડા નકામા છે તેમ જેના વગર કરેલી ક્રિયા કલેશરૂપ થાય છે, પણ કલ્યાણરૂપ થતી નથી તે દર્શનપદ સદા સેવવા યોગ્ય છે. ચિંતામણિ સ્તુતિ સમાન સુખદાયી સમ્યક્ત્વને પામવા અને અભ્યાસવડે ભાગ્યયોગે પામી તેની રક્ષા અને પુષ્ટિ કરવા અન્ય સ્થળે વિસ્તારથી કહેલા તેના દૂષણ ભૂષણ પ્રમુખ ૬૭ બોલો સારી રીતે સમજી તેમાં વિવેક ધારવો જોઇએ.

૧૦ **શ્રી વિનય પદ**—જેવડે રાગ દ્વેષાદિક દુશ્મન માત્ર મૂળથી દૂર થઇ જાય તે **વિનય** કહેવાય છે. ગુણ–ગુણી પ્રત્યે મૃદુતા રાખી આત્મામાં ઉત્તમ ગુણ પ્રગટ કરવા માટે સદ્ગુણીને દેખી કે સાંભળી મનમાં પ્રમુદિત થાવું, વળી તેવા સદ્ગુણી સજ્જનોની યથાશક્તિ ભક્તિ, બહુમાન, ગુણસ્તુતિ કરી આપણે પણ તેવા સદ્ગુણી થવા ઇચ્છા રાખવી, એટલુંજ નહિ પણ તેવા સદ્ગુણીનો વારંવાર પરિચય રાખવો, સંત સુસાધુ જનોના નજીવા અવગુણ ઉઘાડા પાડી તેમની કોઇ રીતે વિગોવણા કરવી નહિં, તેમજ તેમની અવજ્ઞા–આશાતનાદિક કરવારૂપ વિરાધનાથી તો સદંતર દૂરજ રહેવું, અરિહંતાદિક પૂજ્ય પદોનો પૂર્ણ પ્રેમ પ્રગટાવી યથાયોગ્ય વિનય કરવો. વિનયવડેજ વિદ્યા, વિજ્ઞાન અને ચારિત્ર ધર્મની અનુક્રમે પ્રાપ્તિ થતાં છેવટે મોક્ષપદ પ્રાપ્ત થાય છે. તે માટે સકળ ધર્મના સારરૂપ વિનયને અવશ્ય સેવવો યોગ્ય છે.

૧૧. **શ્રી ચારિત્ર પદ**—જેથી અનાદિસંચિત કર્મમળથી મુક્ત થઇ શકાય અને શુદ્ધ સ્ફટિક રત્નસમાન નિર્મળ–નિષ્કષાય આત્માના સ્વાભાવિક સ્વરૂપને પામી શકાય તે ચારિત્રપદને ઇન્દ્રાદિક દેવો પણ સદાય નમસ્કાર કરે છે. અનંતાનુબંધી આદિ કષાયોનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થવાથી આ ચારિત્ર ગુણ પ્રગટે છે. ઉત્તમ પ્રકારની ક્ષમા–સમતા રાખવી એ ચારિત્રનું ખરૂં રહસ્ય છે. એથી ચારિત્રવંત સજ્જનો શીઘ્ર સ્વહિત સાધી શકે છે, માટે તે સદાય સેવવા યોગ્ય છે.

૧૨. **શ્રી બ્રહ્મચર્ય પદ**—જેથી સ્વરૂપચર્યા, સ્વરૂપ રમણ અથવા શુદ્ધ ચારિત્રનો લાભ થાય, અનેક પ્રકારની વિષયાસક્તિ દૂર થઇ જાય અને આત્માના સ્વાભાવિક સુખનો અનુભવ થાય તે બ્રહ્મચર્ય પદ વિશ્વવંદિત છે. યથાર્થ બ્રહ્મચર્યનું પાલન કરનાર મહાસુકૃતી છે. ગમે તેવાં અન્ય સુકૃત કરનાર બ્રહ્મચર્યને યથાવિધિ પાળનારની હોડે આવી શકતા જ નથી. જેને માટે વિજય શેઠ અને વિજયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેઠાણી, સુદર્શન, જંબૂ અને સ્થૂલભદ્રાદિકનાં દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે. યથાર્થ બ્રહ્મચર્યનું પાલન એ પરમ સંતોષનું પરિણામ હોવાથી અંતે અક્ષય સુખ મેળવી આપે છે, તેથી સહુ કોઇ કલ્યાણાર્થી ભાઇ બ્હેનોએ પૂર્ણ પ્રેમથી તેનું પાલન કરવું ઉચિતજ છે.

૧૩. **શ્રી ક્રિયા પદ**-ક્રિયા-આચરણવગરનું એકલું જ્ઞાન પાંગળું છે. અને જ્ઞાનવગરની એકલી ક્રિયા પણ આંધળી છે. પરંતુ પરમાર્થ-સમજ સહિત કરવામાં આવતી સઘળી શુભ કરણી લેખે થાય છે. સર્વજ્ઞ દેશિત સત્ ક્રિયા તરફ શુભ રૂચિ પ્રગટ થવી એ જ્ઞાનનું જ શુભ પરિણમન સૂચવે છે. તેથી જેમને અત્યંત ક્રિયારૂચિપણું તેમજ ક્રિયામાર્ગમાં આદર હોય છે, તેમને જ્ઞાનદશા પણ આકરી ( તીક્ષ્ણ ) હોવી ઘટે છે. વળી ક્રિયારૂચિ શુકલ પક્ષી એટલે અલ્પકાળમાં સંસારનો અંત કરી મોક્ષમાં સધાવનાર હોઈ શકે છે અને જેને હજુ ક્રિયારૂચિ પ્રગટીજ નથી તે કૃષ્ણ પક્ષી એટલે સંસારચક્રમાં વધારે લાંબો વખત પરિભ્રમણ કરનાર હોઈ શકે છે. રહેણી-કરણીવગરની એકલી કહેણી કેવળ કલેશરૂપ થાય છે. રસોઇનું નાસ લેવા માત્રથીજ કંઇ ભૂખ ભાંગતી નથી; પણ તેનું સેવન-આસ્વાદન કરવાથીજ ભૂખ શમે છે. અને ગતિ-ક્રિયા કરવાથીજ આપણે ધારેલા મુકામે પહોંચી શકીએ છીએ, એમ સમજી સત્ ક્રિયામાર્ગમાં અધિક રૂચિ ધારવી યોગ્ય છે.

૧૪. **શ્રી તપ પદ**—જેમ અગ્નિનો અધિક તાપ આપવાથી સોનામાં રહેલો મેલ બળી જઇ તે શુદ્ધ કાંચન-કુંદન થાય છે, તેમ શાસ્ત્રમાં કહેલા અનેક પ્રકારના બાહ્ય-અભ્યંતર તપ ક્ષમાસહિત સેવન કરાવાથી આત્મામાં રહેલાં ચિકણાં-નિકાચિત કર્મ પણ ક્ષય પામી જાય છે અને આત્માનું શુદ્ધ સ્વાભાવિક સ્વરૂપ પ્રગટી નીકળે છે. એવો એ તપનો પ્રભાવ જાણી તીર્થંકર ગણધર જેવા તદ્ભવે મોક્ષ જનારા પણ તેનું ભાવથી સેવન કરે છે. માટે તે સર્વથા સેવ્યજ છે.

૧૫. **શ્રી ગૌતમ પદ**—છઠ્ઠ છઠ્ઠ તપે પારણું કરનાર, ચાર જ્ઞાનના ધારક અને અઠ્ઠાવીશ મહાલબ્ધીના ધણી શ્રી ઇન્દ્રભૂતિ શ્રી વીર પ્રભુના મુખ્ય ગણધર હતા. તેમનું ગોત્ર 'ગૌતમ' હોવાથી અને મહાલબ્ધી પાત્ર હોવાથી તેઓ 'ગૌતમ' નામથી જ વિખ્યાત થયા છે. તેમનું પવિત્ર નામ લેતાં ચોવીશે પ્રભુના સઘળા ૧૪૫૨ ગણધરોનું સ્મરણ કર્યું જાણવું. શ્રી વીર પ્રભુ પ્રત્યેનો તેમનો પ્રેમ અકૃત્રિમ અને અનહદ હતો. તે જાણીને સહુ કોઇ સજ્જનોએ સ્વગુરૂ પ્રત્યે તેવોજ અકૃત્રિમ અને અપાર પ્રેમ ધારતાં શિખવું જોઇએ. પરમ વિનય ઉપર શ્રી ગૌતમ સ્વામીનું દૃષ્ટાંત અપાય છે. તેથી એ પદ અત્યંત પ્રેમથી આરાધવા યોગ્ય છે. વળી તીર્થંકર ગણધર જેવા પરમ પુરૂષો રત્નપાત્રતુલ્ય ગણાય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે સામાન્ય સાધુજનો કંચન પાત્રતુલ્ય, વિરતિવંત શ્રાવકો રજત ( રૂપાના ) પાત્રતુલ્ય, સમકિતવંત શ્રાવકો ત્રાંબાના પાત્રતુલ્ય અને બીજા અવિરતિવંત મિથ્યાત્વી જનો લોઢા અને માટીના પાત્રતુલ્ય કહ્યા છે. એ વચન અનુસારે પણ જોતાં શ્રી ગૌતમપદ અતિ મહત્વનું જણાય છે.

૧૬. **શ્રી જિન પદ**—ક્રોધાદિક પ્રસિદ્ધ અઢાર દોષોનો ક્ષય કરી નાખવાથી જેમને વીતરાગતા અને સર્વજ્ઞતાદિક આત્માની અનંત સમૃદ્ધિ પ્રગટ થયેલી છે તે જિનપદ વિશ્વપ્રકાશક હોવાથી અત્યંત ઉપકારક છે. પ્રથમ અરિહંતપદમાં કેવળ તીર્થંકર ભગવાનનોજ સમાવેશ થાય છે, ત્યારે આ પદમાં તો ફક્ત અરિહંત ભગવાનના ઉપદેશ અનુસારે ફિત્તવાળ રત્નત્રયીનું આરાધન કરી જે કોઈ ઘાતિ કર્મનો ક્ષય કરી કેવળ જ્ઞાનાદિક આત્મ ૠદ્ધિ પ્રગટ કરે છે તે સર્વ કોઇનો સમાવેશ થઈ જાય છે. એટલે જેમને જેમને કેવળ જ્ઞાનાદિક અનંત આત્મ સંપત્તિ પ્રાપ્ત થયેલ છે તે સર્વ કોઇ સર્વજ્ઞને આ પદથી આરાધવામાં આવે છે.

૧૭. **શ્રી સંયમ પદ**—વિષય સુખની આશંસા તજી, ક્રોધાદિક કષાયને જીતી, હિંસાદિક સકળ આશ્રવદ્વાર છંડી જે કોઇ આત્માર્થી જનો મન, વચન, કાયાની શુદ્ધિ કરે છે–આત્મનિગ્રહ કરે છે. તે **સંયમી** જરૂર આત્મકલ્યાણ સાધી શકે છે. સર્વ સંયમી મુનિજનો છે, ત્યારે દેશ સંયમી શ્રાવક હોઇ શકે છે. દૃઢ અભ્યાસવડે ભવભીરૂ આત્માર્થી શ્રાવક પણ અનુક્રમે સર્વ સંયમી થઇ શકે છે. તેનું સમાધિ સુખ અપાર છે. માટે સંયમપદનું સેવન–આરાધન શાસ્ત્ર નીતિ મુજબ કરવું બહુ જરૂરનું છે.

૧૮. **શ્રી અભિનવ જ્ઞાન પદ**—બુદ્ધિના આઠ ગુણ પામી પોતપોતાની યોગ્યતાપ્રમાણે નવાં નવાં ધર્મશાસ્ત્ર ગુરૂગમ મેળવી વાંચવા, વિચારવા અને તે પ્રમાણે પ્રમાદરહિત વિવેકપૂર્વક ખપ કરવો એ આ ઉત્તમપદ આરાધવાનું અનંતર ફળ સમજવાનું છે. બાહ્ય–ખોટો આડંબર તજી, સમજીને શક્ય ક્રિયામાં પ્રવર્તી સ્વશ્રેય સાધી લેવું એજ જ્ઞાનનું ફળ છે.

૧૯. **શ્રી શ્રુત પદ**—સૂત્ર, આગમ, સિદ્ધાન્ત, ગ્રંથ અને પ્રકરણો તેમજ તે ઉપર ભાષ્ય, ચૂર્ણિ, નિર્યુક્તિ અને વૃત્તિ ( ટીકા–વાર્તિક પ્રમુખ ) એ સર્વ આપ્ત પુરૂષોએ કહેલા હોવાથી પ્રમાણ છે. સૂત્રથી રચના પ્રાયઃ ગણધરો, શ્રુતકેવલી–ચૌદપૂર્વી કે દશપૂર્વી હોય તે કરે છે, ત્યારે અર્થથી તો તીર્થંકર ભગવાન તેનો પ્રકાશ કરે છે. સૂત્રનો પરમાર્થ ભાષ્ય, ટીકા પ્રમુખથીજ સમજાય છે; માટે સૂત્રની પેરે તે સર્વ પ્રમાણિક વાક્યો માન્ય કરવાં યોગ્ય જ છે. વિનય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહુમાન, યોગ–ઉપધાન પ્રમુખ ઉચિત આચાર પાળી શ્રુતપદનું આરાધન કરવું જરૂરનું છે.

૨૦. **શ્રી તીર્થ પદ**—જેથી આ ભવસાગર તરી શકિયે તે તીર્થ **જંગમ** અને **સ્થાવર** બે પ્રકારનું છે. વર્તમાન કાળે વિચરતા–વિહરમાન વીશ તીર્થંકરો, તેમના ગણધરો તથા કેવળી પ્રમુખ સાધુઓની સંપદા તેમજ સામાન્ય રીતે શાસનને શોભાવનાર સહુ કોઈ આત્માર્થી સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ એ જંગમ મહાતીર્થરૂપ છે. ત્યારે શ્રી શત્રુંજય, ગિરિનાર, અને સમેતશિખર પ્રમુખ સ્થાવર તીર્થો છે. લૌકિક ૬૮ તીર્થો તજી ઉક્ત લોકોત્તર તીર્થની યથાયોગ્ય દ્રવ્યભાવથી આરાધના કરી પૂર્વે પણ અનંત આત્માઓ મુક્તિપદ પામ્યા છે. એમ સમજી પ્રમાદરહિત વિવેકસહિત સહુ ભાઇ બ્હેનોએ તેનો લાભ લઈ સ્વમાનવભવ સફળ કરી લેવો ઉચિત છે. ઇતિશમ.

# શ્રાવકનું ત્રીજું વ્રત.

## (અદત્તાદાન–ચોરીત્યાગ.)

હે સંસાર માર્ગના પથિકો! દુઃખના નાશને માટે સત્યવાદરૂપી વૃક્ષની છાયાસમાન અસ્તેય (અચૌર્ય) વ્રતનું સેવન કરો. થાપણરૂપે આપેલું, ભુમિ વિગેરેમાં સ્થાપન કરેલું, નાશ પામેલું (ખોવાયેલું), ભૂલી જવાયેલું, પડી ગયેલું, અને સ્વાભાવિક રહેલું એવું 'પારકું' ધન ગ્રહણ કરવું નહીં, એ **અસ્તેય** નામનું ત્રીજું અણુવ્રત કહેવાય છે. અસ્તેય વ્રતરૂપ ક્ષીરસાગરમાં સ્નાન કરનાર સત્પુરૂષોને સંસારરૂપ દાવાનળની જ્વાળાનો સમૂહ તાપને માટે થતો નથી. અદત્તાદાનની વિરતિરૂપ વ્રતના નિશ્ચયવડે નિશ્ચળ એવા સર્વપ્રાણી **લક્ષ્મીપુંજની** જેમ સર્વ વસ્તુ ચિંતવ્યા વિનાજ પામે છે.

### લક્ષ્મીપુંજની કથા.

સફળ આરંભવાળા ધર્મિષ્ટ પુરૂષોના ધર્મરૂપ તરંગોવડે નિર્મળ અને લક્ષ્મીવડે અન્ય નગરોનો તિરસ્કાર કરનાર **શ્રીહસ્તિપુર** નામે નગર છે. તેમાં **સુધર્મ** નામનો એક વણિક રહેતો હતો. તે અત્યંત દારીદ્રની મુદ્રાનો અધિકારી હતો, અર્થાત્ દરિદ્ર હતો; તોપણ સદ્ધર્મરસનો એક મણિસમાન હતો. તે દરરોજ કેટલાક પૈસાવડે કાંઇક વસ્તુ ખરીદ કરીને વેચતો, તેમાંથી કેટલાક પૈસાનો નફો ઉપાર્જન કરી કાળ નિર્ગમન કરતો હતો. તેને ધર્મનું આચરણ કરનારી **ધન્યા** નામની પત્ની હતી. તે કામકાજમાં પતિના ચિત્તને અનુસરનારી હતી. એકદા તેણીએ રાત્રીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંતે સ્વપ્નમાં કમળના પાંદડે પાંદડે સ્ફુરણાયમાન વિચિત્ર વિભૂતિવડે સુંદર અંગવાળી સ્ત્રીઓએ કરેલાં ગીત, નૃત્ય અને વાજિંત્રોના નાદથી પ્રસન્ન થયેલી, રત્ન કમળની મધ્યમાં રહેલી, નેત્રના ભાગ્યની અવધિરૂપ, અગણ્ય પુણ્યે કરીને જેણીના સર્વ શૃંગારનો સાર પામી શકાય એવી અને જિનેશ્વરની પૂજા કરતી એવી લક્ષ્મી દેવીએ કરીને મનોહર તથા નૃત્ય કરતાં હંસો અને નિર્મળ તરંગોવાળો પદ્મ દ્રહ નામનો દ્રહ ( સરોવર ) જોયો. તે સ્વપ્ન જોઇને હર્ષ પામેલી ધન્યાને અત્યંત રોમાંચનો ઉદ્ભવ થયો, તેથી તેણીએ જાગૃત થઇને તરતજ પતિને તે સ્વપ્નનું વૃત્તાંત કહ્યું. પતિએ તે સાંભળીને કહ્યું કે–" હે પ્રિયા ! તને પુણ્યશાળી, લક્ષ્મીવાન, મહા ગુણવાન, નિર્મળ અંતઃકરણવાળો અને જિનેશ્વરની ભક્તિવાળો પુત્ર થશે. " તે સાંભળીને પોતાને ધન્ય માનતી તે ધન્યાએ મનમાં અરિહંતનું ધ્યાન ધરી નિદ્રાનો ત્યાગ કરી બાકીની રાત્રિ નિર્ગમન કરી. તે દિવસે તે વણિકે લાભાંતરાય કર્મ ત્રુટવાથી ક્રય વિક્રય કરતાં દરરોજથી બમણો લાભ મેળવ્યો. એજ પ્રમાણે વેપાર કરતાં અનુક્રમે તેનું ધન વૃદ્ધિ પામ્યું. તેથી તે સુધર્મ સુખના લેશનો પ્રથમ અતિથિ થયો. શરદ્ ઋતુના વાદળાની રેખાના મધ્યમાં રહેલા સૂર્યની જેમ ધન્યાના શરીરની કાંતિથીજ તે ગર્ભ શુભ છે એમ જણાયું. એકદા સીમંતમાં દ્રવ્ય વ્યયની ચિંતાથી પીડા પામતો તે સુધર્મ ઘરમાં ઉદાસીનતાથી પગના અંગુઠાવડે પૃથ્વી ખણતો હતો, એટલામાં તે ખણવાથી ખોદાયેલી પૃથ્વીમાં તેણે મનોહર અને શુભ માણિક્યાદિના સમૂહથી ભરેલો એવો ખાડો જોયો. એટલે તેમાંથી કેટલાંક રત્નો કાઢીને વિસ્મય અને આનંદથી વ્યાપ્ત એવા તે વણિકે ઇંદ્રના વિમાન જેવું મણિ અને સુવર્ણમય ઘર બનાવ્યું. પછી તે ઘરમાં તેણે રૂપ અને નૃત્યમાં અપ્સરા જેવો અને દાસનું કર્મ કરવામાં વિનયથી નમ્ર એવો દાસીનો સમૂહ રાખ્યો. પછી સીમંત કર્મના ઉત્સવમાં તે દાતારે આપેલા મણિઓનું સુંદરપણું જોવાથી બીજા દાતારો પણ યાચકપણું પામ્યા. કુવામાંથી પાણી ઉલેચતાં છતાં પણ જેમ કૂવો પૂર્ણજ રહે છે, તેમ તે બિલમાંથી સુવર્ણ અને રત્નોનો સમૂહ કાઢતાં છતાં પણ તે વણિક તે બિલને પૂર્ણજ ( ભરેલુંજ ) જોતો હતો. આ પ્રમાણેની વિભૂતિથી હર્ષ પામેલી અને વિચાર થતાં જ દોહદને પ્રાપ્ત કરનારી ધન્યાએ શુભ સમયે સુખે અદ્ભુત પુત્ર પ્રસવ્યો. પુત્રજન્મના ઉત્સવમાં તે શ્રેષ્ઠીએ દાનના અધિકપણાથી અને ગીત વિગેરેના મનોહરપણાથી દેવતાઓને પણ વિસ્મય પમાડ્યા. પિતાએ તે પુત્રને કાંતિએ કરીને લક્ષ્મીના પુંજ ( સમૂહ ) જેવો જોયો, તેથી મોટા ઉત્સવપૂર્વક તેનું **લક્ષ્મીપુંજ** એવું નામ પાડ્યું. ઇચ્છામાત્રથી પ્રાપ્ત તથા સમય સમયને ઉચિત એવા પદાર્થોવડે ચિંતા કે દુઃખને નહીં પામનો એ બાળક બાલ્યદેવની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેમ અત્યંત વૃદ્ધિ પામવા લાગ્યો. ક્લેશના લેશને પણ નહીં પામતો એ બાળક કદાપિ રોતો નહીં અને નિરંતર તેનું મુખ આનંદ અને સ્મિતયુક્ત હોવાથી માતા પિતાને સુખકારક થયો. દિવસે દિવસે કોઈ પણ કૈકાણેથી ઉલ્લાસ પામતી સુંદર કળાઓને ગ્રહણ કરતો સુંદર કાંતિયુકત શરીરવાળો તે બાળક ચંદ્રની જેમ લોકોના નેત્રોને પ્રીતિ ઉપજાવતો વૃદ્ધિ પામતો હતો. તે તે દિશાઓના તત્વરૂપ અંગની શોભા, કળા અને ગુણના સમૂહના ઉદયે કરીને આઠે દિશાઓમાંથી આઠ સ્વયંવરા કન્યાઓ આવીને તેને વરી. નિરંતર રત્નના હર્મ્યમાં લીન થયેલો તે દર્શન અને સ્પર્શના દ્વેષી એવા ચંદ્ર અને સૂર્યની કાંતિના સ્વરૂપને પણ જાણતો નહોતો. તે લક્ષ્મીપુંજને જે જે વસ્તુ પ્રીતિકારક હતી, તે તે ભોગવતો હતો, અને જે જે વસ્તુ દુઃખકારક હતી, તે તે છતાપણે પણ જાણતો નહોતો. પ્રિયાઓએ જ કરેલા નૃત્ય અને ગીતાદિકથી આનંદ પામતો તે પાંચ અનુત્તર વિમાનના દેવની જેમ જતા સમયને પણ જાણતો નહોતો.

એકદા પ્રિયાઓના ખોળામાં સુખે સુતેલો તે વિચાર કરવા લાગ્યો કે-"મને આવા ચિંતવ્યા વિનાનાજ ભોગો શાથી પ્રાપ્ત થયા હશે?" આ પ્રમાણે જેવામાં તે વિચાર કરતો હતો, તેવામાં દિવ્ય શરીરવાળો અને દિવ્ય વસ્ત્ર તથા આભરણવડે દેદીપ્યમાન કોઇ પુરૂષ પ્રકટ થઇને બે હાથ જોડીને બોલ્યો કે— "ધન્યા માતાની કુક્ષિરૂપ સરોવરમાં હંસસમાન હે કુમાર! આ પૃથ્વીપર સર્વ લક્ષ્મીના મોટા ઘરસમાન વિપત્તિરહિત **મણિપુર** નામે મોટું નગર છે. તે નગરમાં પુણ્યશાળી **ગુણધર** નામે સાર્થપતિ હતો. તે એકદા ઉદ્યાનમાં **વિશોદ** નામના મુનિની પાસે ગયો. ત્યાં ગુરૂના મુખથી તેણે દેશનામાં સાંભળ્યું કે— "પ્રાણીના ધનનું હરણ કરવું એ તેને મરણથી પણ અધિક દુઃખદાયક થાય છે, માટે કુશળ પુરૂષોએ ચોરીના આચરણનો ત્યાગ કરવો જોઇએ." આ પ્રમાણે સાંભળીને તે પુણ્યશાળી ગુણધર તે વિદ્યાધરોની સભામાં તેજ વખતે હર્ષથી અદત્તાદાનની નિવૃત્તિરૂપ અણુવ્રત ગ્રહણ કરી નગરમાં ગયો. એકદા તે ગુણધર વિશેષ ધન મેળવવાની ઇચ્છાથી ઘણા કરીયાણાં લઇને કોઇ દેશાંતર તરફ ચાલ્યો. પોતાનો દેશ ઉલ્લંઘન કર્યા પછી તેનો સાર્થ એક મોટા જંગલમાં પેઠો. તે વખતે તે ગુણધર એક અશ્વપર આરૂઢ થઇને ચાલ્યો. આગળ ચાલતાં તેણે માર્ગમાં પડેલી લક્ષ સુવર્ણના મૂલ્યવાળી મણિની માળા જોઇ, પરંતુ વ્રતભંગના ભયથી તેના પર દૃષ્ટિ પણ નાખી નહીં. "પછી શું સાર્થ ઘણો દૂર ગયો, કે જેથી શબ્દ પણ સંભળાતો નથી" એમ વિચારતા હૃદયમાં ચિંતાતુર થયેલા તેણે અશ્વને આગળ ચલાવ્યો. માર્ગમાં ઘોડાની ખરીથી ખોદાયેલી ભૂમિમાં સુવર્ણથી ભરેલા એક ત્રાંબાના કુંભ (ચરૂ) ને જોઇને વ્રતભંગના ભયથી તેના તરફ દૃષ્ટિ પણ કર્યા વગર તે આગળ ચાલ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થોડેક જતાં તેનો અશ્વ સહસા મરણ પામ્યો. તે વખતે પાપથી ભીરૂ (બીકણ) એવા તેણે વિચાર્યું કે—"હા! આ મારો અશ્વ વધારે ચાલવાથી અચિંત્યો મરણ પામ્યો, તેથી મને ઘણું પાપ લાગ્યું. માટે જો કોઇ આ અશ્વને જીવાડે તો તેને હું મારૂં સર્વ ધન આપું." એમ વિચારતો તે ઉતાવળથી પગે ચાલવા લાગ્યો. આગળ જતાં તે અત્યંત તૃષાતુર થયો. તેવામાં એક વૃક્ષપર જળથી ભરેલી દૃતિ (મસક) જોઇને "આ દૃતિ કોની છે?" એમ વારંવાર ઉંચેથી બોલવા લાગ્યો. ત્યારે તે વૃક્ષની શાખાપર ટાંગેલા પાંજરામાં રહેલો એક પોપટ બોલ્યો કે—"મારા સ્વામી એક વૈદ્ય છે, તે ઔષધિ જોવા માટે દૂર ગયા છે. તમારે જળ પીવું હોય તો ખુશીથી પીઓ. હું તેને કહીશ નહિ." આ પ્રમાણે પોપટના મુખથી સાંભળીને બે હાથવડે બે કર્ણ ઢાંકીને તેણે પોપટને કહ્યું કે—"ભલે તૃષા મારા પ્રાણ લે, પરંતુ કોઇનું નહીં આપેલું જળ હું પીશ નહીં, કારણ કે અદત્તાદાન એ મહા પાપ છે." તે સાંભળીને શાખાપરથી પાંજરા સહિત પોપટના રૂપને સંહરીને કોઇક પુરૂષ નીચે ઉતરી તેની સમીપે ઉભો રહી હર્ષથી બોલ્યો કે—"વૈતાઢ્ય પર્વતપર **વિપુલા** નામની નગરીમાં હું **સૂર્ય** નામનો વિદ્યાધર છું. હું એકદા તારા ગામના ઉપવનમાં **વિશદ** નામના મુનિ કે જે મારા પિતા છે તેમને વાંદવા આવ્યો હતો. મારી પાસે અસંખ્ય ધન છતાં પણ મને પરધન હરણ કરવામાં સુખ થતું હતું, તેથી પિતાએ મને ઉદ્દેશીને અચૌર્યની દેશના આપી હતી. તે સાંભળીને તેમની પાસે તેં અદત્તાદાનની વિરતિ (નિવૃત્તિ) અંગીકાર કરી. તે વખતે મેં હાસ્ય અને વિસ્મય પામી ચિરકાળ સુધી વિચાર કર્યો કે—"આ વણિકલોકો લક્ષ્મીના લેશને માટે પણ દૂર દેશમાં જાય છે, તો શું પુષ્કળ પરદ્રવ્યને જોઇને તે તેનું ગ્રહણ ન કરે એ બનવા યોગ્ય છે? તેથી હું અવશ્ય આ સાર્થવાહની પરીક્ષા કરીશ." એમ ધારી હું મારે સ્થાને ગયો. અને અદૃશ્ય રીતે તારી ચર્યા જોતાં આજ મને તારી પરીક્ષા કરવાનો સમય મળ્યો. તેથી હે પુરૂષ રત્ન! રત્નની માળા અને સુવર્ણનો નિધિ પણ મેંજ તને બતાવ્યો હતો. પરંતુ મોટી વસ્તુના લોભથી પણ તું જીતાયો નહીં. પછી તારા અશ્વને પણ મેંજ મરેલો દેખાડ્યો, એટલે તું પગે ચાલતાં તૃષાતુર થયો. તે વખતે મેંજ પોપટની પ્રેરણાસહિત શીતળ જળ તને દેખાડ્યું. પ્રાણના રક્ષણરૂપ મોટું કાર્ય છતાં પણ તું નજીવી (તુચ્છ) વસ્તુના લોભથી પણ પરાભવ પામ્યો નહીં, માટે તને ધન્ય છે." આ પ્રમાણે તે સાર્થપતિને કહીને તે સૂર્ય નામના વિદ્યાધરે પોતાના ખેચરોને બોલાવ્યા. જેથી ત્યાંજ અદૃશ્ય રહેલા તેઓ તત્કાળ પ્રગટ થયા. પછી સૂર્યે તેમની પાસે તે રત્નમાળા, નિધિ અને અશ્વ મંગાવીને તે સર્વ તથા બીજું પણ કેટલુંક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રવ્ય તે સાર્થવાહની પાસે મૂક્યું, તથા ધન અને અશ્વસહિત તે લોકપ્રિય ગુણધરને ક્ષણવારમાં સાર્થવાહના વિરહથી પીડાતા સાર્થમાં પહોંચાડયો. પછી સાર્થપતિએ "આ ધન કોનું છે?" એમ પૂછયું, ત્યારે તે વિદ્યાધર બોલ્યો કે–"કેટલુંક ધન મારૂં છે, અને કેટલુંક કૌતુકથી લોકો પાસેથી હરણ કરેલું છે. જે ચોરી રાજર્ષિ પિતાના ઉપદેશથી પણ મેં મૂકી નહોતી તે આજે તમારૂં વ્રત જોવાથી મુકી દઉંછું–તજું છું. આ પ્રમાણે તમે મારા ગુરૂ થયા તેથી તમારી (ગુરૂની) પૂજા તરીકે આ ધન અર્પણ કરૂં છું." એ પ્રમાણે કહેતા વિદ્યાધર પ્રત્યે ગુણધર બોલ્યો કે–"જેનું જેનું જે જે ધન તમે હરણ કર્યું હોય, તેનું તેનું પાપના નાશને માટે તેને પાછું આપો." આ પ્રમાણે કહેવાથી તે સૂર્યે પોતાના સેવકોદ્વારા તે પ્રમાણે કર્યું. પછી વિદ્યાધરે તેને કહ્યું કે–"આટલું મારૂં ધન છે, તે તમે ગ્રહણ કરો." ત્યારે સાર્થપતિએ પોતાનું સર્વ ધન તેની પાસે મૂકીને કહ્યું કે–"તમેજ આ સર્વ ધન અંગીકાર કરો. કેમકે મેં પ્રતિજ્ઞા કરી હતી, કે જે કોઇ મારા અશ્વને જીવાડે, તેને હું મારૂં સર્વ ધન આપીશ. વળી દાનને હું યોગ્ય પાત્ર નથી, આ ધન તમારૂંજ છે, માટે હું ગ્રહણ કરીશ નહીં." આ પ્રમાણે બોલતા સાર્થપતિને તે વિદ્યાધરે કહ્યું કે–"હું તમારા ઉપદેશના અનૃણીપણાને આ ભવમાં તો પામી શકીશ નહીં. વળી મેંજ માયાવડે કરેલા કાર્યના બદલામાં હું તમારૂં ધન શી રીતે ગ્રહણ કરૂં? માટે હે સાર્થપતિ! તમે મારૂં ધન ગ્રહણ કરતા નથી, અને હું તમારૂં ધન ગ્રહણ કરતો નથી. તો આ લક્ષ્મીનો કોણ સ્વામી થશે?" ત્યારે તે સાર્થવાહ બોલ્યો કે–"ધર્મજ ત્રણ ભુવનની લક્ષ્મીનો એક સ્વામી છે. કારણકે તે ધર્મ જેને જેને લક્ષ્મી આપે છે, તે લક્ષ્મી તેનીજ થાય છે. તેથી ચાલો, આપણે આગળ જઇએ, અને સર્વત્ર સર્વદા દેખાડેલા અને વિશ્વના સ્વામીરૂપ ધર્મને વિષેજ ધનનો વ્યય કરીને આપણી લક્ષ્મીને સાર્થક કરીએ." તે સાંભળીને વિદ્યાધરે તેનું વચન હર્ષથી અંગીકાર કર્યું. પછી પુણ્યશાળી તે બંનેએ આનંદથી સાત ક્ષેત્રમાં પોતાનું ધન વાપર્યું.

હે કાંતિના સમૂહવાળા લક્ષ્મીપુંજ! તે ગુણધર ધર્મકૃત્યોવડે સુખેથી આયુષ્યને પૂર્ણ કરી પુણ્યના સમૂહરૂપ તું થયો છે. અને તે ગુણધરની શિક્ષાથી (ઉપદેશથી) સૂર્ય વિદ્યાધર પણ ચોરીનો ત્યાગ કરી ધનનો પુણ્ય માર્ગે વ્યય કરી આયુષ્ય પૂર્ણ કરીને પુણ્યને અનુસારે વ્યંતરનો સ્વામી થયો છે તે હું જ છું. તારા ભાગ્યવડે દેવશક્તિથી પ્રેરાયેલા મેં તને ગર્ભથીજ આરંભીને તત્કાળ સમય સમયને ઉચિત એવા હિતકર પદાર્થો પૂરા પાડ્યા છે." આ પ્રમાણે તે વ્યંતરરાજની વાણી સાંભળતાંજ હર્ષનાં સ્થાનરૂપ લક્ષ્મીપુંજ મૂર્છાગત થયો. પછી સચેતન થઇ જાતિસ્મરણ પામ્યો. તે લક્ષ્મીપુંજે ભવપર્યંત વિશુદ્ધ ધર્મનું આરા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધન કરી, અચ્યુત દેવલોકમાં દેવપણું પામી, ત્યાંથી પ્રશસ્ત મનુષ્યપણું પામી મોક્ષલક્ષ્મીનો આશ્રય કર્યો.

આ પ્રમાણે સર્વ લક્ષ્મીને પ્રાપ્ત કરનાર લક્ષ્મીપુંજનું દૃષ્ટાંત સાંભળીને ઉત્તમ મનુષ્યોએ સર્વદા અચૌર્યવ્રતવાળા થવું.

। इत्यदत्तादानविचारे लक्ष्मीपुञ्जकथा ।

# મેવાડ મારવાડનાં કેટલાંક તીર્થસ્થાનો.

( લખનાર–મૌક્તિક. )

### રતલામ.

મુંબઇથી ઉપડેલી પંજાબ એક્સપ્રેસ **રતલામ** સવારે દશ વાગે પહોંચે છે. રતલામ શહેર બહુ ઉદ્યોગી અને વિશાળ છે. ત્યાં અનેક પ્રકારના વ્યવસાયો ચાલેછે. તેમાં અફીણ અને પીતળના કામોનો ઉદ્યોગ વિશેષ ભાગ ભજવે છે. કોઇપણ લતામાં પ્રવેશ કરતાં કંસારાની દુકાનોનો ધમધમાટ મનપર અસર કર્યાવગર રહેશે નહિ. અહીં બાર જિનપ્રાસાદ છે. તે સર્વ સુશોભિત અને સારા છે. સર્વથી વધારે આનંદ ઉપજાવનાર મંદિર **ચાંદમલપટવાનું** છે. તે નગરની બહાર એક સુંદર ફળફુલના બગીચાની મધ્યમાં આવેલું છે અને તેનું સ્થાન એવી સુંદર રીતે આવેલું છે કે એ મંદિરમાં જતાં અને બેસતાં બહુ આનંદ થાય છે. મૂળનાયકજી **શ્રી શાંતિનાથજી**ના બિંબ પણ બહુ આહ્લાદ ઉપજાવે તેવા છે. રતલામની બાજુમાં ત્રણ માઇલ દૂર એક **બિંબડોદ** નામનું ગામ છે, તે એક તીર્થસ્થાન છે. ગાડીમાં બેસી ત્યાં જઇ શકાય છે અને ટપાઓ પણ જાય છે. એના વિશાળ રસ્તાપર બહુ ચિત્તાકર્ષક પવન લહરી આવે છે. ગામને પાદર પદ્માવતીનો ઓટલો છે. નજીકમાં જળસ્થાન છે અને ત્યાં નાની ધર્મશાળા પણ છે; દેરાસર નાજુક, રમણીય અને શાંત જગો ઉપર આવેલું છે. મુળનાયકજી **આદીશ્વરભગવાન્** છે. એ મૂર્ત્તિ બહુ ભવ્ય અને કાળા રંગની હોઇ ગોઘાના **શ્રી નવખંડા પાર્શ્વનાથને** બહુ મળતી આવે છે. જેણે અવકાશ મેળવી આવા સ્થાનનો લાભ લેવા ભાવના કરી હોય તેણે ત્યાં જઇ થોડો વખત શાંત ચિત્તથી બેસવા લાયક છે. પોતાની યોગ્યતા અથવા અધિકાર પ્રમાણે પ્રભુ ગુણગાન અથવા યોગાભ્યાસ કરતાં મનમાં એવા પ્રકારની શાંતિનો અનુભવ એ સ્થાનપર થાય છે કે જેનો ખ્યાલ ધમાધમની પ્રવૃત્તિમાં આવવો મુશ્કેલ છે. કોઇ પણ પ્રકારની જંજાળથી મુક્ત રહેવાનું ત્યાં સ્વાભાવિક રીતે મન થઇ આવે છે અને સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રદેશ એટલો શાંત અને ભવ્ય છે કે પ્રભાતમાં જ્યારે ત્યાં પહોંચી જવાય છે ત્યારે મનમાં જે આનંદનો ઉદ્ભવ થાય છે તે શબ્દોમાં લખી શકાય તેમ નથી. પ્રભુ ગુણસ્તવનામાટે અને ભક્તિમાટે ત્યાં સાધનો તૈયાર રહે છે અને વિશેષ સામગ્રી આપણી પાસે હોય તો તેથી અનેક પ્રકારે ભક્તિમાં લીન થવાનું બને છે. ભક્તિરસ દરમ્યાન કોઇ પણ પ્રકારનો વિક્ષેપ થવાનો સંભવ નથી. ત્યાં જનવસ્તી બહુ અલ્પ છે અને પ્રદેશ બહુ રમણીય છે. જંગલની વચ્ચે થોડા વિશીર્ણ ઝુંપડાઓની બાજુમાં આ શાંત પવિત્ર સ્થાન તીર્થયાત્રાનું સ્થળ છે. એનો પ્રસંગ પ્રાપ્ત કરી બને તેટલો આત્મિક લાભ મેળવવો. બીજાં આવાં શાંત સ્થળો યાત્રા દરમ્યાન બહુ ભેટ્યાં અને તેનું વર્ણન હવે પછી આવશે. પરંતુ દરેક સ્થાનપર સામાન્ય રીતે યાત્રાળુઓ તરફથી કોઇ કોઇ પ્રકારની ધમાધમ થાય છે તે પણ અહીં જોવામાં આવી નહિ. ચિત્તને સ્થિરતા કરનાર આ બિબડોદ તીર્થપર દરેક રતલામ જનારે અવશ્ય જવું અને સ્થીરતા રાખી ત્યાં બે ચાર કલાક ચેતનજીને સંભારવા, તેને ભક્તિમાં જોડવા અને તેની વર્તમાન, ભૂત અને ભાવી અવસ્થાનું ચિંતવન કરવું. બિબડોદ અને રતલામની વચ્ચે એક નાનું ગામ આવે છે ત્યાં પણ એક સુંદર જિનપ્રાસાદ છે. તેનું હાલ તો જિર્ણોદ્ધારનું કામ ચાલે છે પણ પ્રાસાદ અને તેમાં બિરાજિત પ્રતિમા સુંદર છે. રતલામની બીજી બાજુએ એક **કરમદી** નામનું ગામ છે, તે લગભગ બે માઇલ દૂર છે. રસ્તો જરા વિકટ છે પણ ત્યાં ગાડા અને ઘોડાગાડી જઇ શકે છે. ત્યાં એક સાધે એવડો પ્રાસાદ છે. વસ્તી બીલકુલ નથી, જગો શાંત છે અને અવશ્ય એક વખત ભેટવા યોગ્ય છે. ત્યાં પણ મૂળનાયકજી શ્રી **આદીશ્વર ભગવાન્** છે. પ્રભાતના શીતળ સમયે ત્યાં જતાં રસ્તામાં સૂર્યોદય થતાં જે અલૌકિક ભવ્ય દેખાવ નજરે પડે છે તે હૃદયપર અસર કરનાર નીવડે છે. આ સ્થાનમાં જઇ પ્રભુગુણ ચિંતવન કરવાર્થી યાત્રાપ્રસંગનો મોટો લાભ જરૂર પ્રાપ્ત થાય તેમ છે. રતલામ અને તેની આજુબાજુનાં આ બન્ને સ્થાનો જરૂર ભેટવા યોગ્ય છે. ખાસ કરીને બિબડોદ તીર્થથી મનપર ન ભુંસાય તેવી છાપ પડે છે.

## મક્ષીજી.

રતલામથી નાગડાને રસ્તે મુખ્ય લાઇનમાં થઇને **ઉજ્જન** (અવંતી) જવાય છે અને ત્યાંથી **શ્રીમક્ષી પાર્શ્વનાથ** જવાય છે. મક્ષી પાર્શ્વનાથ સીધા જ ચાલ્યા જવું. કારણ કે ત્યાંની ગાડીઓ ઓછી છે તેથી પાછા ફરતી વખતે **ઉજ્જન** રોકાવું વધારે ઠીક પડે છે. મક્ષી પાર્શ્વનાથ સ્ટેશનથી તીર્થ પોણો માઇલ દૂર છે. સડકનો રસ્તો છે અને યાત્રાળુ માટે સ્ટેશનપર ગાડી વિગેરેની સગવડ કારખાના તરફથી રહે છે. ધર્મશાળા પણ સુંદર છે અને સ્ટેશનપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ટ્રેન પકડવાની સગવડ ખાતર રહેવું પડે તો ચાર ઓરડી સાથે એક ધર્મશાળા છે અને પાણી વિગેરેની સગવડ છે. મક્ષી પાર્શ્વનાથનું ચૈત્ય સુંદર છે. અને પ્રતિમાજી બહુ પુરાણા, વેળુના બનાવેલા અને દેખાવમાં વૃદ્ધ હોય તેવા લાગે છે. એક હકીકત અહીં દર્શન કરતાંજ ખાસ ધ્યાન ખેંચે છે; અને તે એ છે કે પ્રતિમાજી ગર્ભાગારમાં વચ્ચે નથી, પણ મુખ્યદ્વારની ડાબી બાજુએ-ગર્ભદ્વારની એક બાજુએ છે. એના સંબંધમાં ઘણી દંતકથાઓ છે અને તે ત્યાંના પૂજારી પાસે સાંભળવાલાયક છે. સંક્ષેપમાં વાત એ છે કે મક્ષી ગામમાં તો પ્રથમ ખેતરોજ હતાં અને તે મોટી નિર્જન અટવીમાં આવી રહેલું હતું. તેનાથી દૂર ત્રણ ગાઉ છેટે એક **આમોદ** નામનું ગામ જે હાલ પણ હયાત છે, ત્યાંના જાગીરદારને લાલ ઘોડાપર બેઠી અધિષ્ઠાયકે પાર્શ્વનાથના બિંબને એક કુવામાંથી બહાર કાઢવાનું અને ત્યાં સર્વ પ્રકારની પવિત્રતા જાળવવાનું સ્વપ્ન આપ્યું; અને તે પ્રમાણે પ્રયોગ કરી બહાર કાઢતાં કોઇ અસ્પર્શ્ય વર્ગના પુરૂષની પ્રભુપર છાયા પડતાં તે ત્યાંજ સ્થિર થઇ ગયા; અને પ્રથમ ઘણાં વરસ સુધી પીરતરીકે, પછી ભૈરવ તરીકે, અને છેવટે શ્રી પાર્શ્વનાથ તરીકે પૂજાયા. તેઓ જ્યારે જ્યારે પોતાના ભક્તને દર્શન દેતા ત્યારે કાળા ઘોડા ઉપર સ્વારી કરતા અને બહુ સૌમ્ય મૂર્ત્તિ હોય તેવા દેખાતા. જે ઓશવાલ ભાઇઓએ જ્યારે મંદિર બંધાવવા નિર્ણય કર્યો ત્યારે તેમને ભગવાને સ્વપ્ન આપ્યું હતું અને મંદિર તેમની આસપાસજ તૈયાર કર્યું હતું. કુવામાંથી નીકળી જે જગોએ તેઓ સ્થિર થયા હતા ત્યાંજ હાલ છે અને પછી પ્રતિષ્ઠા વખતે તેઓને મધ્ય ભાગમાં લાવવા બહુ પ્રયત્ન કર્યો, પણ સર્વ વ્યર્થ ગયો. પ્રતિમાજી પોતાના સ્થાનપરથી ખસ્યા નહિ. આ પ્રમાણે સંક્ષેપમાં ત્યાં દંતકથા ચાલે છે. એમાં પીરતરીકે તેઓ પૂજાયા વિગેરે વાતમાં સત્ય કેટલું છે, તે કહી શકાય તેવું નથી, પરંતુ અધિષ્ઠાયક દેવતાઓ જાગતા છે એમ તો હાલ ત્યાં રહેનારા માણસો પણ અનુભવે છે. તેઓ કહે છે કે રાત્રિએ મંદિર મંગલિક કર્યા પછી અતિ સુંદર ગાન ક્વચિત્ ક્વચિત્ સાંભળવામાં આવે છે. બે બાજુ બે પ્રતિમા છે. તે પણ પ્રાચીન અને સુંદર છે અને બહાર માણિભદ્ર છે તે તદ્દન નવીન આકૃતિના અને ભવ્ય છે. તેમના જેવા માણિભદ્ર કોઇ પણ જગ્યાએ જોવામાં આવ્યા નથી.

બિંબરોટની પેઠે આ સ્થાન પણ બહુ રમણીય છે અને ત્યાં કોઇ પ્રકારની ધમાધમ જોવામાં આવતી નથી. ધર્મશાળાની બાજુમાં તળાવ છે અને ત્યાં પ્રભાત અથવા સાયંકાળે સૂર્યના ઉદય અથવા અસ્ત વખતે જે ભવ્ય દેખાવ નજરે પડે છે તે જરૂર જોવાલાયક છે. દેરાસરમાં શાંતિથી બેસી પ્રભુ ગુણગાનમાં લય થઇ જતાં મનમાં અવર્ણનીય આનંદ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહીં મનને અતિ ખેદ કરે એવી એક બાબત જોવામાં આવી. તે એ કે કોઈ કારણથી દિગંબર સંપ્રદાયવાળા બંધુઓએ આ તીર્થપર પોતાનો હક સ્થાપન કરવાના ઇરાદાથી ગ્વાલીયર સ્ટેટને અરજી કરી પૂજા કરવા માટે સવારના બે કલાકનો હક મેળવ્યો છે. આ બાબત પુરાવાને અંગે કાયદાની દ્રષ્ટિથી કેટલી ગેરવ્યાજબી યા વ્યાજબી થઈ છે તેપર હાલ વિવેચન કરવાનું અસ્થાને છે, પરંતુ પ્રસ્તુત હકીકત એ છે કે તેઓ એ હકનો જે રીતે ઉપયોગ કરે છે તે કોઈ પણ શ્વેતાંબર સંપ્રદાયવાળાને અશ્રુપાત કરાવે તેવો છે. તેઓનો વખત શરૂ થતાં પ્રભુના ભાળ ઉપરથી ચક્ષુ કાઢી લે છે અને પાછો તેઓનો વખત પૂર્ણ થતાં તેને ચઢાવવામાં આવે છે. આવું દરરોજ કરવું પડે છે તેથી બહુ આશાતના થાય છે, અને સુજ્ઞ મનુષ્યોને તેથી એટલો ખેદ થાય છે કે તેઓની આંખમાંથી અશ્રુધારા ચાલતી જોવામાં તથા સાંભળવામાં આવી છે. આ મહાન્ આશાતનાનું કાર્ય તો કોઈ પણ પ્રકારે અટકાવવા યત્ન થવાની ખાસ જરૂર છે.

ઉક્ત હકીકત બાદ કરતાં આ તીર્થ પરમ પવિત્ર છે, જરૂર ભેટવાલાયક છે અને સ્થિરતાપ્રમાણે જો ત્યાં થોડો વખત રહી શકાય તો બહુ આત્મિક લાભ કરનાર છે. શ્વેતાંબર સંપ્રદાયવાળાએ દીલ ન દુઃખાય તેટલા માટે મંદિરમાં આઠ વાગ્યા સુધી જવુંજ નહિ. દિગંબર સંપ્રદાયવાળામાટે તો બીજુ ચૈત્ય છે. તેમજ દિગંબર યાત્રાળુઓ બહુજ થોડા આવે છે, છતાં પૂજારી બે કલાક બેસી રહી ઉપર પ્રમાણે ચક્ષુ આદિક કાઢી લઈ તેઓનો હક જાળવી રાખે છે. આ સંબંધમાં બન્ને પક્ષના વિચક્ષણ શાંત આગેવાનો એકઠા થઈ કાંઈ નિર્ણય ઉપર આવે તો આશાતના જરૂર દૂર થઈ શકે. પ્રભુગુણસ્તવનના સાધનદ્વારા ભક્તિમાર્ગનો વિશિષ્ટ યોગ સાધતા અને બની શકે તેટલો યોગમાર્ગમાં પ્રવેશ કરવા અધિકારી થતા જ્યારે મનમાં પ્રત્યાઘાત થાય છે ત્યારે ધ્યાનધારા તૂટી જાય છે અને વિશિષ્ટ માર્ગે કરેલા કષાયો પણ કષાયોજ છે, તેથી તેઓ અંતે આ જીવને આવા પવિત્ર સ્થાનને અવલંબીને થતી પ્રગતિ જરૂર અટકાવે છે. બન્ને સંપ્રદાયના ડાહ્યા માણસો એકઠાં થઈ આવી સ્થિતિનો જરૂર અંત લાવવા બનતો પ્રયાસ કરશે એટલી વાત પ્રસંગે લખવી અગત્યની લાગી છે.

જમીનની સપાટીપર આવી રહેલા આ તીર્થનાં શ્વેત શિખરો સ્ટેશનથી આવતાં જ્યારે દૃષ્ટિએ દેખાય છે ત્યારથી જ મનમાં અલૌકિક ભાવ ઉત્પન્ન થાય છે. મંદિરની જગો અને પ્રતિમાજીની ભવ્યતા એટલી આકર્ષણ કરનારી છે કે તે સ્થાનપર જરૂર વધારે વખત રહેવાની ઇચ્છા થઈ આવે છે. ઉક્ત આશાતના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધી હકીકત બાદ કરતાં પ્રદેશની રમણીયતા અને સાધારણ સગવડો મનને બહુ આનંદ આપનાર નીવડે છે. આવાં પવિત્ર સ્થાનોમાં જવાના પ્રસંગો બહુ થોડા બને છે, તેથી જ્યારે ત્યાં જવાનું થાય ત્યારે ઉતાવળ ન કરતાં શાંતિથી થોડો વખત એવા સ્થાનપર રહેવું અને રહીને પણ ખાવા પીવાની ખટપટમાં કે અન્ય સ્થૂળ સગવડોની વ્યવસ્થામાં વિશેષ સમય ન કાઢતાં શાંતિથી ખુદ પરમાત્માની સાથે ધ્યાન ધારણ લગાવવી, પ્રભુગુણ સ્તવના કરવી અને બીજી જે કોઇ રીતે પોતાની જાતને-સ્વને ઓળખાય-ચિંતવાય-વિચારાય એવી ઘટના કરવી.

## અવંતિ. ( ઉજ્જન )

મક્ષીજી પછી ઉજ્જન જવું વધારે અનુકૂળ છે. ઉજ્જનમાં અવંતી પાર્શ્વનાથના મંદિર પાસે મોટી વિશાળ ધર્મશાળા છે. તે ક્ષિપ્રા ( વેત્રવતી ) નદીના કાંઠાપર આવેલી છે. જે નદીનું વર્ણન બાણભટ્ટ કાદંબરીની શરૂઆતમાં કર્યું છે અને જે નદીથી વિંટાયલી ઉજ્જયિની નગરીના વર્ણન માટે તેણે પૃષ્ટો ભર્યાં છે, તેનો પ્રસંગ પડતાં ( તે શહેરમાં આવતાં ) મનમાં એવા પ્રકારનો આનંદ ઉત્પન્ન થાય છે કે જે કલમથી વર્ણવી શકાય તેમ નથી. ચિત્તમાં એવી ભાવના થાય છે કે આપણે પૂર્વના મહાન પુરૂષો અને મહાત્માઓ જે નગરીમાં વસી ગયા હતા, જ્યાં વિક્રમાદિત્ય જેવા રાજા થયા હતા, જ્યાં સિદ્ધસેન દિવાકર જેવા ધર્માવતાર, ન્યાયના અદ્‌ભુત અવગાહન કરનાર, ભગવતી દૈવી સંસ્કૃત ભાષાના પટ્ટ પૂજારી ગુરૂ થયા હતા, જ્યાં કવિપરંપરાને એઠું ખવરાવનાર બાણભટ્ટ જેવા વિશિષ્ટ લેખકો થયા હતા, તે નગરીમાં પગ મૂકતાં જાણે પૂર્વ પુરૂષોની મહત્વતા આપણા હૃદયપર દૃઢ અસર કરે છે. અને તે આપણને એવી વિચાર પરંપરામાં મૂકી દે છે કે તે વખતે જે આનંદ ચિત્ત અનુભવે છે અને તેઓના વિરહથી કાંઇક ક્ષિણ-નિસ્તેજ પડેલી અવંતી નગરીને જોતાં મનમાં સહજ જે ગ્લાનિ થાય છે તે સહૃદય અભ્યાસીજ સમજી શકે તેમ છે. શહેરની મધ્યમાં પણ એક ધર્મશાળા છે અને એક મોટી ધર્મશાળા તૈયાર થાય છે, પરંતુ અનેક કારણોથી મનમાં અવંતી પાર્શ્વનાથની ધર્મશાળામાં જઇ જે અપૂર્વ હકીકત સેંકડો વરસ પહેલાં બની હતી તેની બાજુમાં રહેવાની જ ઇચ્છા થાય છે. તે ઉપરાંત બાજુમાં આવેલી અતિ વિસ્તીર્ણ ક્ષિપ્રા નદી અને તેના કાંઠાપર આવેલાં સેંકડો નાનાં મોટાં દેવસ્થાનો આંખને રમ્ય દેખાવ પૂરો પાડે છે, અને કેટલીક સગવડો પણ આપે છે.

ઉજ્જન શહેરમાં ચૌદ દેરાસર છે. તેને સવારમાં ભેટી આવવા. અવંતી પાર્શ્વનાથના સુંદર પ્રતિમાજી અને જિનાલયનો તો જ્યારે જ્યારે હજુ પણ ખ્યાલ આવે છે ત્યારે ત્યારે હૃદયમાં આનંદ અને નયનમાં હર્ષાશ્રુ આવે છે. મંદિરની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નજીક જતાં શિવલિંગનો દેખાવ બહારના ભાગમાં છે, જે સિદ્ધસેન દિવાકરે કલ્યાણ મંદિર સ્તોત્ર બનાવી અંતરંગ ભૂભાગમાંથી કાઢેલ શ્રી પાર્શ્વનાથના ચમત્કારી બિંબ સંબંધી ચાલતી દંતકથાને સૂચવે છે. મંદિરનો ભાગ ભોંયરામાં નીચે છે. તેની ફરતી ઘણી વિશાળ ભીંતો કરી લેવામાં આવી છે. લગભગ દશ કે અગિયાર પગથીઆં ઉતરી જ્યારે ડાબી બાજુ વળી શ્રીપાર્શ્વનાથની ભવ્ય મૂર્ત્તિનાં દર્શન થાય છે અને તેમને એક સિંહાસનપર સ્થિત થયેલા જોવામાં આવે છે, ત્યારે મનમાં બહુ હર્ષ થાય છે. આ અદ્દભુત પ્રતિમાજી વર્ણે શ્યામ છે અને બિંબની મુખાકૃતિ યૌવનવય જેવી તેમજ મહા ગંભીર છે. મક્ષીજીનું સ્વરૂપ વૃદ્ધ લાગે છે, ત્યારે આ જિનબિંબનું સ્વરૂપ યૌવનવાળું લાગે છે. બન્ને તીર્થના અધિષ્ઠિત પ્રતિમાજીઓ હૃદયપર જુદી જુદી સુંદર અસર અને લાગણી ઉત્પન્ન કરે છે. એક વેદીપર શ્રીપાર્શ્વનાથ અને બે બાજુમાં બે શ્યામ વર્ણનાં બિંબો બિરાજિત થયેલાં છે અને ભયના વખતમાં મૂળ પ્રભુને શોધી પણ ન શકાય તેવી રીતે ગોઠવણ રાખી બહારના ભાગમાં ચિંતામણિ પાર્શ્વનાથના બિંબનું એક નાનું દેરાસર કરી રાખ્યું છે. ભયના વખતમાં તે દ્વારને સ્થાને ભીંત ચણી લેવામાં આવતી હશે એમ જણાય છે.

આ મુખ્ય દેરાસરની અથવા જિનબિંબ સંબંધીની દંતકથા લખવાની આવશ્યકતા નથી, કારણ તે સુપ્રસિદ્ધ છે. વિક્રમાદિત્યના વખતમાં શ્રીસિદ્ધસેન દિવાકરે કલ્યાણ મંદિર સ્તોત્રના પઠન સાથે આ પ્રતિમાજીને જમીનમાંથી પ્રાર્થનાસહિત બહાર કાઢયા, ત્યારે ધર્મનો વિજય ડંકો વાગ્યો હતો, અને અત્યારે પણ સુંદર આંગી રચી જ્યારે પ્રભુગુણ ગાન કરતા કલ્યાણ મંદિર સ્તોત્રનો ત્યાં પાઠ કરીએ છીએ, ત્યારે ચેતનજી કાંઈ ઉદાત અવસ્થાનો અનુભવ કરે છે. કોળાહળ વગરનું નગર, નદીના કાંઠાનો પ્રદેશ, સુરમ્ય ધર્મશાળા, અતિ શાંત સ્થળ, જમીનના ગર્ભ ભાગમાં ભોંયરૂં અને તેની સાથે જ્વલંત દીપકનો પ્રકાશ એટલો શાંતિપ્રદ નીવડે છે કે સદ્દભાવ સામગ્રીવાળાએ અને મુમુક્ષુએ જરૂર આ સ્થાનની એક વખત ભેટ લેવા યોગ્ય છે. એ સ્થાનની પવિત્રતા, વિશિષ્ટતા અને મહત્વતા એટલી બધી છે કે જ્યાંસુધી તેનો અનુભવ ન થાય ત્યાં સુધી ઉપરના લખાણમાં કાંઇક અતિશયોક્તિ જેવું લાગે તેમ છે. પૂર્વે અનેક મહાત્માઓ ત્યાં આવી ગયા છે. જ્યાં હરિભદ્ર સૂરી, હેમચંદ્રાચાર્ય, યશોવિજયજી જેવા જૈન આકાશના પ્રકાશિત તારાઓ નિજ શ્રેયાર્થ આવી ગયા હોય તેવા સ્થાનનો સ્પર્શ કરવાનું ભાગ્ય પ્રગટે તો તે પણ એક મોટો હક (Privilege) પ્રાપ્ત થયો હોય અથવા જાણે આપણને એક અલભ્ય લાભ મળ્યો હોય એવી વિશિષ્ટ દશા ચેતનજી સત્ય રીતે અનુભવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવંતી પાર્શ્વનાથનું મંદીર એક તીર્થ સ્થાન છે. જિનાલયની બાંધણી પૂર્વ કાળની ભયગ્રસ્ત સ્થિતિને સૂચવે છે. સ્થળ શાંત છે, પ્રદેશ રમ્ય છે અને સગવડ સારી છે. આ પવિત્ર સ્થાનમાં પણ થોડા દિવસ રહેવા યોગ્ય છે. ત્યાંથી નાની ગાડીમાં ફતીઆબાદ થઇને ઇંદોર જઈ શકાય છે.

## ઇંદોર.

આ હોલ્કરની રાજ્યધાનીનું શહેર છે. વસ્તી ઘણી મોટી છે. સ્ટેશનની એક બાજુ કેંપ છે અને બીજી બાજુ ઇંદોર શહેર છે. જાહેર સરાઈ ( ધર્મશાળા ) ની પણ અહીં સગવડ છે. જૈનોને માટે ખાસ ધર્મશાળા નથી. શહેરમાં વ્યાપાર ઘણો વધારે છે અને લોકોની અવર જવર પણ પુષ્કળ છે. વિચિત્ર પ્રકારના વ્યાપારીઓની દુકાનો હારબંધ આવેલી છે. જોઇતી વસ્તુ અહીં મળી શકે તેમ છે. આ સ્થાન ખાસ યાત્રાનું નથી. પણ યાત્રાના સ્થાનની નજીક આવેલું હોવાથી લગભગ ઘણાખરા યાત્રાળુઓ આ મોટું શહેર ભેટવા આવે છે. ત્યાં શરાફા (શરાફ બજાર) ની નજીક ચાર જિનાલયો છે, શહેર સુંદર છે તે પ્રમાણે તો દેરાસરો નથી, પણ સાધારણ રીતે સર્વ ચૈત્યો સારાં છે. શહેરમાં જઇ પૂજન કરવા માટે જરૂર ઇચ્છા રાખવી, સ્નાન પૂજનની સગવડ પ્રત્યેક દેરાસરમાં રાખવામાં આવી છે. આવા પ્રવૃત્તિવાળા શહેરમાં જઇને કેટલીક વાર યાત્રાળુ પૂજન કરતા નથી એમ થવું ન જોઇએ. ગમે તેવી જગોએ યાત્રા દરમ્યાન જવાનું બને તો પણ જે હેતુથી યાત્રા કરવામાં આવે છે તે હેતુ ભૂલાવો ન જ જોઇએ.

કોઇકવાર એમ બને છે કે મોટા શહેરમાં જતાં યાત્રાનો હેતુ વિસરી જઇ વસ્તુઓની ખરીદી, ભોજનની ખટપટ અને આકર્ષક આલયોના જોવામાં પડી જવાય છે. મોટા શહેરો જોવા નહિ એમ કહેવાનો આશય નથી, પરંતુ યાત્રા કરવા આવ્યા છીએ એ વાત પ્રત્યેક ક્ષણે દરેક કામ કરતાં ચિત્તમાંથી ખસવી ન જોઇએ. તેને પ્રથમ સ્થાન મળવું જોઇએ.

ઇંદોર શહેરમાં ખાસ કરીને અફીણનો વેપાર બહુ મોટા પાયા ઉપર ચાલે છે. તે ઉપરાંત દાણા વિગેરેનો વ્યાપાર પણ ઠીક છે. અહીંથી ફતીઆબાદને રસ્તે પાછા ફરી સીધા રતલામ અવાય છે. ફરીવાર ઉજ્જન અને નાગડાને રસ્તે ચક્કર દેવું પડતું નથી. રતલામ રોકાવાની જરૂર નથી, માત્ર ત્યાં કાંઈ સામાન સગવડ ખાતર મૂક્યો હોય તો તે સાથે લઇ લેવો. અહીંથી સીધા ચિત્તોડ જવાય છે. રેલવેના ટાઇમની વિષમતા બહુ રહે છે, છતાં બની શકે તો ચિત્તોડગઢ જરૂર જોવા લાયક છે. રાણા પ્રતાપની જ્વલંત બહાદુરીનું એ સ્થાન મેવાડની જાહો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાહોજલાલીના પૂર્વકાળને સ્મરણ કરાવતું હૃદયપર એક એવા પ્રકારની અસર કરે છે કે જાણે ભારતવર્ષ અખંડ વીર્યવાન્ છે, તેથી તે માયાળુ સરકારના હાથ નીચે વળી પાછી ગયેલી સ્થિતિ પ્રાપ્ત કરી શકશે. એના વિષમ દુર્ગના દૂરથી દર્શન થતાં તે અભેદ્ય કિલ્લો રજપૂતોની રણવીરતાના કીર્તિસ્તંભ જેવો લાગે છે. વખતના સંકોચને લીધે અમારાથી ચિત્તોડગઢની ભેટ થઇ શકી નહિ, તે માટે મનમાં ગ્લાનિ થાય છે. ચિત્તોડના સ્ટેશને ત્યાં જવા માટે ગાડી તથા ટાંગાની સગવડ રહે છે. એક દિવસ તે માટે જૂદો કાઢવામાં આવે તોજ ત્યાં જવાનું બની શકે તેમ છે; અને જે લોકોને ઇતિહાસનું જ્ઞાન હોય, પુરાણી આર્યાવર્તની સ્થિતિનો ખ્યાલ કરવા માટે નજરે જોવાનો શોખ હોય તેનેજ એ સ્થાન આનંદ આપે તેવું છે અને સાથે ખેદ પણ કરાવે તેવું છે. અનભ્યાસી માણસને તો જિર્ણ કિલ્લાના ખંડેરો અને ભાગ્યા તૂટ્યા ઘરોની આવળી જોતાં એક ઉજડ ગામની યાત્રા કરવા જેવું લાગે તેમ છે. કિલ્લાની રચના અને લગભગ સાત પ્રાકાર એવી રીતે આવી રહેલા છે કે રજપૂતોના બચાવના બાંધકામોનો તે બરાબર ખ્યાલ આપે છે એમ દૂરથી પણ દેખાય છે, અને ત્યાં જઇ આવનારા પણ તેમ કહે છે.

અપૂર્ણ.

## શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની સુકૃત ભંડાર ફંડ કમીટી તરફથી

## શ્રી હિંદુસ્તાનના સકળ જૈન સંઘને અપીલ.

નીચે મુજબ પત્ર દરેક ગામના આગેવાન ગૃહસ્થ ઉપર મોકલવામાં આવેલ છે. જે ગામના આગેવાન ગૃહસ્થને પત્ર ન મળ્યો હોય તેણે આ લેખ વાંચી તદનુસાર અમલ કરવા તેમને વિજ્ઞપ્તિ કરવામાં આવે છે.

જયજિનેંદ્ર સાથે લખવાનું જે ચાલુ વર્ષના ફેબ્રુઆરી માસની તા. ૧૯—૨૦—૨૧ મીના દિવસોમાં **મુલતાન ( પંજાબ )** ખાતે મળેલી આપણી કૉન્ફરન્સના આઠમા અધિવેશન વખતે પસાર થયેલા ૧૭ ઠરાવોની નકલ આ સાથે આપને મોકલી છે તે ઠરાવોનો અમલ કરવો એ દરેક જૈન શ્વેતાંબર મૂર્ત્તિપૂજક જૈન બંધુની ફરજ છે. તે ઠરાવો પૈકી **શ્રી સુકૃત ભંડાર ફંડના દશમા ઠરાવ** ઉપર ખાસ ધ્યાન આપી આપના ગામમાંથી શ્રી સુકૃત ભંડાર ફંડની રકમ વસુલ કરી તાકીદથી મોકલાવી આપવા આપને વિનંતિ કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદરહુ ફંડમાં ભરેલી રકમનો ઘણો સદ્ઉપયોગ થાય છે. આપણી ઉન્નત્તિનો મૂળ પાયો જે વિદ્યા ( કેળવણી-જ્ઞાન ) તેમાં તથા કૅાન્ફરન્સ નિભાવ ફંડમાં આ રકમ વપરાતી હોવાથી નાની જેવી રકમથી લાખોં રૂપીઆના વ્યયનું પુણ્ય પ્રાપ્ત કરવાનો આ સમય છે. તો અમે આશા રાખીએ છીએ કે આપ સાહેબો તરફથી આ ફંડમાં ઘણી સારી રકમ આવશે. ફંડની રકમ અહીં આવ્યાથી છાપાઓ દ્વારા ( કૅાન્ફરન્સ હેરલ્ડ, જૈન, હીંદી જૈન, મુંબઇ સમાચાર, સાંજવર્તમાન આદિ પેપરોમાં ) પ્રગટ કરવામાં આવશે. તે વાંચી બીજા ગામોવાળા તેનો દાખલો લેશે અને ફંડ મોકલાવશે, તેનો યશ પણ આપનેજ મળશે. પુના કૅાનફરન્સ વખતે થયેલ સુકૃત ભંડાર ફંડની સવિસ્તર યોજનાની નકલ પણ સાથે મોકલીએ છીએ તે વાંચી વાકેફગાર થશો. વળતો જવાબ તુરત લખશો. એજ વિનંતિ. તા. સદર.

લી. સંઘનો સેવક,

**મોહનલાલ હેમચંદ**

ઓનરરી સેક્રેટરી

શ્રી સુકૃત ભંડાર ફંડ કમીટી.

**તા ક**—પત્ર વ્યવહાર અમારા નામથી કરવો તથા મનીઓર્ડર જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ, પાયધુનીને શીરનામે મોકલવો.

મુલતાન કોન્ફરન્સ વખતે થયેલા ૧૭ ઠરાવો અગાઉ આ પત્રમાં પ્રસિદ્ધ થઇ ગયા છે જેથી આ પ્રસંગે શ્રી સુકૃત ભંડાર ફંડનો દશમો ઠરાવ જે અતિ ઉપયોગી અને કોમના હિતમાં વૃદ્ધિ કરનાર હોવાથી તેના ઉપર દરેક જૈન બંધુનું ધ્યાન ખેંચવા અત્રે ફરીથી પ્રગટ કરવામાં આવે છે.

## દશમ પ્રસ્તાવ.

( સુકૃત ભંડાર ફંડ )

કોન્ફરન્સકી તરફસે જો શિક્ષા પ્રચાર આદિ કાર્ય ઉઠાયે ગયે હેં, ઉનકે લિયે પ્રત્યેક વિવાહિત, અવિવાહિત સ્ત્રી પુરૂષ એક વર્ષમેં કમસે કમ ચાર આના દિયા કરે, ચાર આનાસે અધિક દેના ઉનકી ઇચ્છાપર નિર્ભર હૈ, યહ પ્રસ્તાવ સાતવી કોન્ફરન્સમેં પાસ કિયા ગયાથા, ઉસપર અમલ દરામદ કરના ચાહિયે; જિન ગૃહસ્થોંને પ્રસ્તાવપર અમલ કિયા હૈ ઉનકો યહ કોન્ફરન્સ ધન્યવાદ દેતી હૈ.

**નોટ**—જૈન કોન્ફરન્સના ઠરાવોનો અમલ કરવો એ દરેક જૈન બંધુની ફરજ છે. સુકૃત ભંડાર ફંડની વસુલ આવેલ રકમ કેળવણી-જ્ઞાન ખાતામાં તથા કોન્ફરન્સ નિભાવ ખાતામાં ખર્ચાય છે તે સ્તુત્ય છે. આ ફંડની રકમ વિશેષ થાય ને તેમાંથી જૈન નિરાશ્રીતોને પણ મદદ કરવામાં આવે તો વિશેષ લાભ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાર્યો થાય. આપણી કોન્ફરન્સે જે ઉમદા કાર્યો જૈનકોમના શ્રેયાર્થે શરૂ કર્યાં છે, તેને આગળ વધારવા માટે દરેક બંધુના સહાયની જરૂર છે. કોમના હિતમાં વિશેષ ફાળો આપવાનું બની ન શકે, તો આ સુકૃત ભંડાર ફંડની યોજના દ્વારા પોતાની કમાણીમાંથી અલ્પ રકમ આપીને કોમના શ્રેયમાં બનતી સહાય આપવા દરેક બંધુ જરૂર પ્રયત્નશીલ થશેજ એમ અમે ઈચ્છીએ છીએ. પૂના કોન્ફરન્સના ઠરાવની નકલ પ્રથમ આ પત્રમાં છપાઈ ગયેલ હોવાથી આ વખતે ફરી છાપવામાં આવી નથી. તે હકીકત જાણીતી હોવાથી તે માટે વિશેષ લખવાની પણ જરૂર નથી. આ ફંડમાં વસુલ આવેલ રકમનું લીસ્ટ કોન્ફરન્સ ઓફીસ તરફથી અમોને મળશે, તો તે પ્રગટ કરવામાં આવશે. **તંત્રી.**

---

કોઈને કરેલી સેવાનાં ફળની આશા રાખવીજ નહિં, તેમજ જેની તમે સેવા બજાવો તેના તરફથી ઉપકારનાં વચન કહેવામાં ન આવે તો દિલગીર પણ થવું નહિં. તમે તે માણસના આત્માની સેવા કરો છો, અને નહિ કે તેના દેહની; તેથીજ તમારી કરેલી સેવાના બદલામાં તેનો હોઠ જરા પણ ફફડે નહિં, તો પણ તેના અંતરમાં તો તમારા પ્રત્યે નિરંતર ઉપકારની લાગણી રહેવાનીજ તે નિશ્ચય માનજો, અને તેથીજ અન્યની સેવા કરવાના વિચારમાં દૃઢ સંકલ્પવાળા સર્વદા રહેજો. * * * * *

યાદ રાખજો કે–જે માણસે પોતાના ઉપર અંકુશ રાખવાની શરૂઆત નથી કરી, તે બરાબર જનસેવા કરવા માટે નાલાયકજ છે. પ્રથમ તમારા મન ઉપર અંકુશ લાવો. મન તમારી આજ્ઞાપ્રમાણે વર્તે તેવું કરો, અને પછીથી તમારી કરેલી જનસેવા બહુ ઉત્તમ ફળદાયી નીવડશે તે સત્ય માનજો.

* * * * *

જનસેવા બજાવવાની કોઈમાં તમારા કરતાં વિશેષ શક્તિ હોય તો તેનો દ્વેષ ન કરશો; ઉલટું એમ જાણીને રાજી થવું કે જેને સહાય કરવા તમો અસમર્થ છો તેને સહાય કરી શકે એવા સમર્થ મનુષ્યો છે ખરા.

* * * * * * *

દિવસની દરેક ક્ષણે તમે ધારો તો બીજાઓને ઉપયોગી થઈ શકો, કારણકે હમેશાં ભલાઈનું કાર્ય કરવાની તમને તક ન મળે, તો પણ ભલાઈનું વલણ રાખવાની તક તો હમેશા તમને મળેજ છે; અને તે તકનો લાભ લઈ દરેક ક્ષણ અન્યના શુભ ચિંતવનમાંજ પસાર કરવી તેને તમારૂં કર્તવ્ય સમજજો.

( પ્રકીર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગ્રાહકોને સૂચના.

ગત વર્ષના ભેટ તરીકે આપવાની બંને બુકો **ધનપાળ પંચાશિકા** અને **તત્ત્વવાર્તા** તથા **લક્ષ્મી સરસ્વતીનો સંવાદ** જેમનું લવાજમ આવેલ નથી તેમને વી. પી. થી મોકલવાનું કાર્ય શરૂ થઇ ગયેલ છે. જેમને આ અંક મળ્યા પહેલાં વી. પી મળી ગયા હોય તેમણે તે સ્વીકારી લીધા હશે જ; જેમને આ અંક પહોંચ્યા પછી વી. પી. મળે તેમણે સત્વરજ તે સ્વીકારી લેવા કૃપા કરવી. એક વર્ષ અગર તે કરતાં જેટલું વધારે લવાજમ લેણું નીકળતું હશે તદનુસાર દરેક ગ્રાહક ઉપર વી. પી. કરવામાં આવશે. આવી રીતે ત્રણ ત્રણ માસથી સુચના અપાયા છતાં અને આખા વર્ષના ગ્રાહક રહીને માસિકના અંકો લીધા છતાં વી. પી. પાછા ફેરવનાર ગૃહસ્થો ખરેખર જ્ઞાનખાતામાં નાહકનું નુકશાન કરનારાજ થાય છે. વી. પી. ન સ્વીકારનારને લવાજમ તો પાછળથી પણ આપવું જ પડશે, અને ભેટની બુકો ઉપરનો તેમનો હક નાબુદ થશે; માટે વી. પી. આવેથી સત્વરજ સ્વીકારી લેવા દરેક ગ્રાહક બંધુએ અવશ્ય ધ્યાનમાં રાખી લેવું. ચાલુ વર્ષ માટે બહુ સુંદર એક ભેટની બુક આપવાનો વિચાર કર્યો છે. તેનું નામ વિગેરે વિશેષ હકીકત હવે પછીના અંકમાં બહાર પાડવામાં આવશે.

---

## પર્યુષણ લગભગ બહાર પડશે.

## શ્રીમાન્ આનંદઘનજીના '૫૦' પદ ઉપર વિવેચન.

**(વિવેચન કર્તા-કાપડીઆ મોતીચંદ ગીરધરલાલ. સોલીસીટર.)**

આ ગ્રંથ જે અમારા તરફથી બહાર પાડવામાં આવનાર છે તે લગભગ તૈયાર થઇ જવા આવ્યો છે. ગ્રંથ '૮૦' ફારમ ઉપરાંતનો લગભગ ૭૦૦ પૃષ્ઠનો થશે અને સુંદર પ્રીન્ટીંગ તથા બાઈંડીંગ કરાવવામાં આવશે, છતાં કિંમત બહુ જ નજીવી લગભગ પડતજ રાખવામાં આવશે. ગ્રાહક થવાની ઇચ્છા રાખનારા બંધુઓએ સત્વર નામો લખી મોકલવા. તેના ઉપર વિવેચન એવી સરલ અને સુંદર ભાષામાં લખવામાં આવ્યું છે કે જે કોઈ વાંચશે તેને તેમાં અપૂર્વ આનંદ આવે તેમ છે અને તરતજ સમજાણ પડે તેમ છે. પદોના દરેક ગૂઢાર્થો બહુ સારી રીતે લંબાણથી વિવેચનમાં સ્પષ્ટ કરવામાં આવ્યા છે. દરેક પદમાં જુદી જુદી જે જે ફીલોસોફી કર્તાએ દર્શાવી છે, તે દરેક સ્પષ્ટ શબ્દોમાં વાંચતા તરતજ સમજી શકાય તેવી ભાષામાં વિવેચનમાં દર્શાવવામાં આવેલ હોવાથી દરેક જૈન બંધુએ અવશ્ય ગ્રાહક થવા લાયક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધીરવીરને ધન્યવાદ.

( હરિગીત )

પ્રિય મિત્ર પુત્ર કલત્રના સંબંધના સંતાપથી,
તપતા નથી તનમન વિષે સંસારના ત્રણ તાપથી;
વશમી વિપત્તિ વિષે કદી ચંચળ થઇ ન જરા ચળે,
એ ધીરવીર ગભીરને છે ધન્ય આ ધરણી તળે. ૧

જેને ગમે તેવી દશામાં સર્વદા સંતોષ છે,
જેના થકી દુર્બુદ્ધિકારક દૂર સર્વે દ્વેષ છે;
પરમાર્થમાં પ્રીતિ પ્રકટ ભય હોય તે આવે ભલે,
એ ધીરવીર ગભીરને છે ધન્ય આ ધરણી તળે. ૨

જેણે કર્યો ષડ્વર્ગ વશ સંભાળથી સંસારમાં,
હારી ન જાય જરાય જાતે વિકટ આ વ્યવહારમાં;
પુરૂષાર્થમાં પુરા અને ધર્માચરણ ધન જે રળે,
એ ધીરવીર ગભીરને છે ધન્ય આ ધરણી તળે. ૩

મન વચન વાણી એક રાખી ટેક રૂડી પાળતા,
સુખ દુઃખમાં પણ સર્વને પોતા સમાન નિહાળતા;
કારણ છતા પણ કોઈ દિન વાળતા નથી માઠે વળે,
એ ધીરવીર ગભીરને છે ધન્ય આ ધરણી તળે. ૪

અંતર ઉદાર સદૈવ છે છળ કપટ લગ કરતા નથી,
નિજ દેશ હિતમાટે કદી મરવાથકી ડરતા નથી;
નિર્બળ જનો જે હોય તે બળિયા બને જેને બળે,
તે ધીરવીર ગભીરને છે ધન્ય આ ધરણી તળે. ૫

વરસાદ તડકો ટાઢ દેહે સહન જે કરતા રહે,
સંગ્રામમાં સામે પગે સર્વે પ્રહાર સુખે સહે;
વિદ્યા–વિવેક–વિચારથી અજ્ઞાનતા જેનું ટળે,
એ ધીરવીર ગભીરને છે ધન્ય આ ધરણી તળે. ૬

( કેશવકૃતિ )

For Private And Personal Use Only